જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૮-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ચારે બાજુના દબાણથી ચીન ઘૂંટણિયે,ભારતમાં ચીનના એમ્બેસેડર લુઓ ઝાઓહુઈનું નિવેદન

મસૂદ અઝહરનો મુદ્દો બહુ જલદી ઉકેલાઈ જશે: ચીન

અમે ભારતની ચિંતાથી માહિતગાર છીએ,મસૂદ અઝહર પર લાવવામાં આવેલો પ્રસ્તાવ સમગ્રપણે ફગાવી નથી દેવાયો



ન્યુ દિલ્હી

પુલવામા હુમલા બાદ ભારતે પાકિસ્તાની આતંકી મસૂદ અઝહર વિરૂદ્ધ ભારે દબાણ સર્જ્યું હતુ હતું. મસૂદને લઈને ભારે ચારેકોરથી કરેલી ઘેરાબંધીની અસર પણ જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં ચાર વખત મસૂદ અઝહરને બચાવવા UNમાં વીટો વાપરી ચુકેલા ચીને ભારતના દબાણને વશ થઈને કહ્યું છે કે, આ મામલે હલ કાઢવામાં આવશે.

એક તરફ ભારતે મસૂદ અઝહર મામલે ચીન પર ભારે દબાણ ઉભું કર્યું છે કે, બીજી બાજુ અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન ભારતના પક્ષમાં આવીને ચીન પર ભીંસ વધારી રહ્યાં છે.

સંયુક્ત રાષ્ટ્રમાં જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના ભારતના પ્રયાસમાં ચીને વીટો વાપરી રોડાં નાખનારા ચીનનું વલણ બદલાતું હોય એવા અણસાર મળી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય ચીનનું કહેવું છે, 'આ મામલાનો વહેલી તકે ઉકેલ આવી જશે. મસૂદ અઝહર પર લાવવામાં આવેલો પ્રસ્તાવ સમગ્રપણે ફગાવી નથી દેવામાં આવ્યો, અમે તેની પર વાત કરી રહ્યા છીએ.'

ભારતમાં ચીનના એમ્બેસેડર લુઓ ઝાઓહુઈએ કહ્યું કે, UNSC ૧૨૬૭ યાદીમાં મસૂદ અઝહરને રાખવાના મામલે ઉકેલ ટૂંક સમયમાં આવશે. આ મામલો ટેકનિકલ છે અને અમે તેની પર વાત કરી રહ્યા છીએ. મારી પર વિશ્વાસ રાખો આ મામલો ટૂંક સમયમાં ઉકેલાશે. તેઓએ કહ્યું કે, મસૂદ અઝહર વિશે અમે જાણીએ છીએ. અમે ભારતની ચિંતાઓ વિશે માહિતગાર છીએ.

ચીન એમ્બેસીમાં હોળી સમારોહ દરમિયાન લિઓએ કહ્યું કે ગયા વર્ષે વુહાન શિખર સંમેલન બાદ દ્વિપક્ષિય સહયોગ સાચી દિશામાં છે. અમે આ સહયોગથી સંતુષ્ટ છીએ, ભવિષ્યને લઈ આશાવાદી છીએ. ચીનનું કહેવું છે કે અમે પ્રસ્તાવના વિરોધમાં નથી. અમે ઈચ્છીએ છીએ કે પ્રસ્તાવ પર વિસ્તારથી ચર્ચા થાય. ચીને એમ પણ કહ્યું હતું કે આ પ્રક્રિયા મહિનામાં નહીં પરંતુ કેટલાક દિવસોમાં થશે.

ઉલ્લેખનીય છે કે, મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે ફ્રાન્સ સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવના પક્ષમાં અમેરિકા અને બ્રિટન હતા, પરંતુ છેલ્લી ઘડીએ ચીને વીટો લગાવી દીધો હતો. આ પહેલા ત્રણ વાર ચીન આ પ્રસ્તાવ પર વીટો લાવી ચૂક્યું છે. ચીનની આ હરકત બાદ અમેરિકા સહિત અનેક દેશ નારાજ થઈ ગયા હતા. અમેરિકાએ કહ્યું હતું કે જો ચીન આ મામલામાં ગંભીર નથી તો અમે બીજા રસ્તો શોધીશું.

પૂરને પગલે ૩,૦૦૦થી વધુ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી

ઈન્ડોનેશિયાના પાપુઆમાં પૂરે વિનાશ વેર્યોઃ ૫૦થી વધુના મોત



જકાર્તા

ઈન્ડોનેશિયાના પૂર્વ પાપુઆ પ્રાંતમાં રવિવારે ભયાવહ પૂરે વિનાશ વેર્યો હતો. અચાનક આવેલા પૂરમાં ૫૦ જેટલા લોકોના મોત નીપજ્યા હોવાનું જણાયું છે. મૃત્યુઆંક વધે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. બચાવ અને રાહત ટુકડી વધુ પીડિતોની મદદ કરવામાં લાગી ગઈ છે.

મુખ્ય મથક જયાપુરા પાસે આવેલા સેન્તાની ખાતે એકાએક પૂરની સ્થિતિ સર્જાતા અફરાતફરી મચી હતી. શનિવારે ભૂસ્ખલન તેમજ ભારે વરસાદને પગલે પૂરની આફત આવી હતી જેમાં ૫૯ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. પૂરના પાણીમાં સંખ્યાબંધ ઘરો ધ્વસ્ત થઈ ગયા હોવાનું રાષ્ટ્રીય વિપત્તી સંસ્થાના પ્રવક્તા સુતોપો પુર્વોનુઘરોએ જણાવ્યું હતું. નુઘરોએ વધુમાં કહ્યું કે, 'બચાવ અને રાહત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને મરણાંક વધે તેવી સંભાવના છે. ભૂસ્ખલનને પગલે પૂરની આફત સર્જાઈ હોવાનું પ્રાથમિક અનુમાન છે. પૂરના પાણી ઓસરી ગયા છે પરંતુ લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે.' પૂરને પગલે સંખ્યાબંધ ઝાડ તૂટી પડ્યા છે તેમજ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા હોવાથી અનેક ઠેરઠેર કીચડનો ભરાવો થતા બચાવ તેમજ રાહત કામગીરીમાં અડચણ આવી રહી હોવાનું પ્રવક્તાએ જણાવ્યું હતું. એક વીડિયો ફૂટજમાં જોવા મળે છે કે ઝાડ નીચે દબાયેલા શખ્સને બચાવ અધિકારીઓ ઓક્સિજન આપીને રેસ્ક્યૂ કરી રહ્યા હતા. પૂરને પગલે ઠેર ઠેર ગંદગીનું સામ્રાજ્ય જોવા મળે છે. તૂટેલા ઝાડ અને અન્ય કચરો પણ પાણીમાં તણાઈને રસ્તા પર આવી ગયો છે. જયાપુરાના એરપોર્ટ પર એક પ્રોપેલર પ્લેન રનવે પર અડધું તૂટી પડ્યું હતું. પાપુઆ અને સ્વતંત્ર પાપુઆ ન્યુ ગિનીની સરહદ જોડાયેલી છે. પાપુઆ ન્યુ ગિની ઓસ્ટ્રેલિયાના ઉત્તરે આવેલું છે.

મોદી-શાહ સહિત ભાજપના ટોચના નેતાઓ ટ્વિટર પર 'ચોકીદાર' બન્યા

પીએમ મોદીએ ટ્વીટર પર બદલ્યું નામ, હવે 'ચોકીદાર નરેન્દ્ર મોદી'

ન્યુ દિલ્હી

લોકસભા ઈલેક્શનનું રણશીંગુ ફૂંકાઈ ગયું છે. રાજકીય પાર્ટીઓ એકબીજા પર આક્ષેપો-પ્રતિઆક્ષેપો કરી રહી છે. ત્યારે રાહુલ ગાંધીના ચોકીદાર ચોર હૈના નારા સામે પીએમ મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહે નવો દાવ ખેલ્યો છે. બીજેપીએ આજથી 'મેં ભી ચોકીદાર' અભિયાન શરૂ કર્યું છે. પીએમ મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર એક વીડિયો જાહેર કરીને 'મેં ભી ચોકીદાર' અભિયાનની શરૂઆત કરી છે. ત્યારે નરેન્દ્ર મોદી અને અમિત શાહે બંનેએ ટ્વિટર પર પોતાના નામની આગળ ચોકીદાર લગાવ્યું છે. માત્ર આ બે દિગ્ગજ નેતાઓ જ નહિ, રેલવે મંત્રી પિયુષ ગોયલ, પ્રકાશ નડ્ડા જેવા અનેક નેતાઓએ ટ્વિટર પર પોતાના નામની આગળ ચોકીદાર લગાવ્યું છે.

પીએમ મોદીએ શનિવારે 'મેં ભી ચોકીદાર' અભિયાન શરૂ કર્યું હતું. આ સાથે જ તેમણે એક વીડિયો પોતાના ટ્વિટર પર શેર કર્યો હતો. આ વીડિયોની સાથે તેમણે ટ્વિટમાં લખ્યું કે, તમારો આ ચોકીદાર રાષ્ટ્રની સેવામાં મજબૂતીથી ઉભો છે. પરંતુ હું એકલો નથી. તેમણે કહ્યું કે, અહીં દરેક કોઈ ભ્રષ્ટાચાર, ગંદકી, સામાજિક બદીઓ સામે લડી રહ્યું છે. તેઓ પણ ચોકીદાર છે. મોદીએ કહ્યું કે, દરેક જે ભારતની પ્રગતિ માટે પરસેવો પાડી રહ્યો છે, તે એક ચોકીદાર છે. આજે દરેક ભારતીય કહી રહ્યો છે કે, હું પણ ચોકીદાર છું.

હિ.પ્રદેશમાં અનેક વિસ્તારમાં ભારે હિમવર્ષાઃ બદ્રીનાથ મંદિર બરફમાં ગરકાવ

શિમલા

હિમાચલ પ્રદેશ સહિત અનેક વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. જે બાદ અહીં ઠેર ઠેર માત્ર બરફ જ નજરે પડી રહ્યો છે. બદ્રીનાથ ધામ પણ હાલ બરફની લપેટમાં આવી ગયુ છે.

બદ્રીનાથમાં હાલ ૧૦ ફૂટથી પણ વધારે બરફ છવાયેલો જોવા મળી રહ્યો છે. અહીં ચોતરફ માત્ર બરફ જ નજરે પડી રહ્યો છે. હાલ બદ્રીનાથ મંદિરના કપાટ પણ બંધ છે. સમગ્ર મંદિરમાં ૧૦ ફૂટ જેટલો બરફ છવાયેલો છે.

બદ્રીનાથમાં હિમવર્ષા બાદ માઈનસ ૭થી ૮ ડિગ્રી તાપમાન પહોંચ્યુ છે. જેના પગલે બદ્રીનાથ જતા તમામ રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. જેથી તંત્ર દ્વારા બરફ હટાવવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ મોટા ગ્લેશિયલના કારણે રસ્તો ખોલવામાં પણ બહુ સમય લાગી રહ્યો છે.

આ સિવાય હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં બરફના તોફાનનું અલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. અનેક વિસ્તારમાં હજુ પણ ત્રણથી ચાર ફૂટ બરફ છવાયેલો જોવા મળી રહ્યો છે. સ્થાનિકોને પણ ભારોભાર મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે.





રાણપુરમાં રખડતો ખુંટીયાને હડકવા ઉપડતા બે દિવસમાં દસ લોકોને હડફેટે લીધા

હડકવા ઉપડેલા ખુંટીયાને માલધારી સમાજના ગૌ પ્રેમીઓએ મહા મુશીબતે જીવના જોખમે પકડી પાડ્યો



બોટાદ જીલ્લાના રાણપુરમાં છેલ્લા બે દિવસથી રખડતો ખુંટીયા ને હડકવા ઉપડતા રાણપુર શહેરના લોકોમાં ભય ફેલાઈ ગયો હતો આ ખુંટીયાએ રાણપુરના અલગ-અલગ વિસ્તારના દસ કરતા વધુ લોકોને હડફેટે લીધા હતા અને આ ખુંટીયો રીતસર લોકોની પાછળ પડતો હતો જેમાં કેટલાક લોકો ને સામાન્ય ઈજાઓ અને બે ત્રણ લોકોને તો ગંભીર ઈજાઓ થઈ હતી.ત્યારે રાણપુર માલધારી સમાજના ગૌ પ્રેમીઓ જેશાભાઈ પરમાર,સુરેશભાઈ પરમાર,કમાભાઈ પરમાર અને રાજુભાઈ દ્વારા આ ખુંટીયાને મહા મુશીબતે જીવના જોખમે પકડવામાં આવ્યો હતો અને સરકારી પશુ દવાખાના ના ડોક્ટર ને આ બાબતે જાણ કરવામાં આવી અને તેમણે જણાવ્યુ કે અમારી પાસે આનો કોઈ ઈલાજ નથી.ત્યારબાદ રાણપુરના સરપંચને જાણ કરી તો સરપંચ દ્વારા કહેવામાં આવ્યુ કે હડકાયા ખુંટીયાને રાણપુર ગ્રામ પંચાયતના મેદાનમાં બાંધી દો ત્યારે માલધારી સમાજના ગૌ પ્રેમીઓએ આ ખુંટીયાને પંચાયતના મેદાનમાં બાંધી દેવામાં આવ્યો છે આ બાબતે ગૌ પ્રેમી જેશાભાઈ સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે હડકવા ઉપડેલા ખુંટીયાને ગ્રામ પંચાયત માં બાંધી દેવામાં આવ્યો છે ખુંટીયાની હાલત જોતા એક-બે દિવસમાં તેનુ મૃત્યુ થઈ શકે છે અને મૃત્યુ થયા બાદ અન્ય કોઈ પશુ કે પ્રાણીઓને ચેપ નો લાગે તેથી ગામ બહાર જે.સી.બી.મશીન થી ખાડો કરીને ખુંટીયાને દફનાવામાં આવશે.

મોરબીમાં પોલીસ કોન્સ્ટેબલ નશો કરેલ હાલતમાં ઝડપાયો

મોરબી મા દારૂબંધી માત્ર નામની છે. મોરબી બી ડીવીઝન પોલીસે પ્રોહીબીશનનો ગુન્હો નોંધ્યો

ગાંધીના ગુજરાતમાં આમ તો કાગળ પર દારૂબંધી છે જોકે ગુજરાતના કોઈપણ સ્થળે જોઈએ તેટલો દારૂ મળી જતો હોય છે અને પ્યાસીઓ પોતાની પ્યાસ બુઝાવતા હોય છે તો કાયદાના રક્ષક પણ ભક્ષક બની રહ્યા હોય તેમ તાજેતરમાં એક પોલીસ કોન્સ્ટેબલ પીધેલી હાલતમાં ઝડપાયો હતો

બનાવની મળતી માહિતી મુજબ હાલ મોરબીના ઉમા ટાઉનશીપ નજીક વિદ્યુતનગરમાં રહેતા અને મૂળ માળિયાના મોટાભેલાના વતની ભગીરથસિંહ કિશોરસિંહ જાડેજા વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરજ બજાવે છે જે ગત તા. ૧૫ ના મોડી રાત્રીના સમયે નશો કરેલી હાલતમાં મળી આવ્યા હતા જેને પગલે બી ડીવીઝન પીઆઈ આઈ એમ કોઢિયાએ ફરિયાદી બનીને નશો કરેલા પોલીસ કોન્સ્ટેબલ સામે પ્રોહીબીશન મુજબ ગુન્હો નોંધ્યો છે દારૂ અને જુગાર જેવી બદીઓ રોકવાનું કામ જ પોલીસનું છે પરંતુ પોલીસ જ નશો કરવા લાગશે તો સમાજને બરબાદ થતા કોઈ રોકી શકશે નહિ અને કાયદાના રક્ષકે પોતાની જવાબદારીનું ભાન હોવાનું જોઈએ તેવી ચર્ચા પણ નાગરિકોમાં જોવા મળી રહી છે

હળવદમાં સર્વરોગ અને નેત્ર ચિકિત્સા શિબિર તથા નિ:શુલ્ક દવા વિતરણ કેમ્પ યોજાયો : ૫૦૦થી વધુ દર્દીઓ લાભ લીધો



હળવદના જીઆઈડીસી વિસ્તારમાં ભારત સરકારના નમકવિભાગ અને રોટરી ક્લબ,જીઆઈડીસી એસોસીએશન ના સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પ નું ભવ્ય આયોજન કરાયું

હળવદ જીઆઈડીસી વિસ્તારમાં ભારત સરકારના નમકવિભાગ અને રોટરી ક્લબ હળવદ જી,આઈ,ડી,સી,એસોસિયન ના સહયોગથી હળવદ વિસ્તારના નિર્માતાઓ દ્વારા મીઠા ઉદ્યોગ માં કાર્યરત અગરિયાઓ તથા સંલગ્ન કામદારો તેમના પરિવારના લાભાર્થે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ અને નેત્ર ચિકિત્સા શિબિર તથા નિશુલ્ક દવા વિતરણનો કેમ્પનો આયોજન કરવામાં આવ્યું હતુ, આ કેમ્પ ૫૦૦ થી વધુ દર્દીઓ લાભ લીધો હતો આ કેમ્પમાં દર્દીઓને નિશુલ્ક સેવા નામાંકિત નિષ્ણાંત ડો,ચિરાગ શાહ, ડો અમિતા ચોહાણ, ડો અમિત પટેલ વગેરે ડોકટરો એ પોતાની અમૂલ્ય સેવા આપી હતી, તમામ દર્દીઓને ફી ઓફ માં દવા આપવામાંઆવી હતી, આ કેમ્પ માં ચામડી ના રોગ ના નિષ્ણાંત હાડકાના ના નિષ્ણાંત ડાયાબિટીસના નિષ્ણાંત આંખના સ્ત્રીરોગના બાળકોના વગેરે ડોક્ટરો પોતાની સેવા આપી હતી, આ કેમ પ્રાથમિક શાળા નંબર ૧૧ જીઆઈડીસી ખાતે રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે હળવદ મામલતદાર વી કે સોલંકી તથા સોલ્ટ ઈન્સ્પેક્ટર હળવદ જીઆઈડીસી વિસ્તારના ગોપાલભાઈ ઠક્કર રોટરી ક્લબના નરભેરામ ભાઈ ચિનુભાઈ પટેલ અરવિંદભાઈ તથા સોલ્ટ એસોસિએશનના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સોલ્ટ ઈન્સ્પેક્ટર ભારે જહેમત ઉઠાવી હતી.

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાની બેઠક માટે ભાજપ કોંગ્રેસ માંથી મુરતીયા કોણ? ઠેરઠેર પૂછાતા સવાલો વચ્ચે અટકળો

સુરેન્દ્રનગર જિલ્લાની હાઈ ટોપર ગણાતિ બેઠક માટે ભાજપ કોંગ્રેસની હાલત મુરતિયા પસંદગીમાં અગ્નિ પરીક્ષા રૂપ બની રહી છે.

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા ના ધારાસભ્ય પરસોતમ સાબરીયા એ રાજીનામું આપતા વિધાનસભાની પેટા ચૂંટણી આગામી ૨૩ એપ્રિલે યોજાશે આ જાહેરાત થતા જ તાલુકાના રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે વિધાનસભાના કુલ મતદારો બે લાખ છપ્ન હજાર જેટલા મતદારો છે જેમાંથી એક લાખ નેવુ હજાર જેટલા મતદારો ઓબીસી છે અને ૫૪ હજાર જેટલા પટેલ સમાજના મતદારો છે ત્યારે જિલ્લાની હાઈ ટોપર ગણાતી આ બેઠક માટે ભાજપ-કોંગ્રેસને મુરતિયા ની પસંદગી માટે અગ્નિ પરીક્ષા રૂપે બની રહી છે આ બેઠક પર જ્ઞાતિના આધારે જોવામાં આવે તો સૌથી વધુ કોળી સમાજના મતદારો છે ત્યારબાદ પટેલ સમાજના , આ બેઠક પર પાટીદાર ફેક્ટર નિર્ણાયક સાબિત થાય તો નવાઈ નહી તેવું જણાઈ રહ્યું છે આ બેઠક પર કાંટે કી ટક્કર થાય તેવા સમીકરણો સર્જાઈ રહ્યા છે હાલમાં આ બેઠક પર કોંગ્રેસમાંથી પાસના આગેવાન ગીતા પટેલ માટે હાદિક પટેલે ટીકીટ માંગણી કરી છે, તેવુ સૂત્રો માં થી જાણવા મળી રહયુ છે, ઉદ્યોગપતિ જયેશ પટેલ હેમાંગભાઈ રાવલ ત્રિશાલ પટેલ, સનતભાઈ ડાભી, , ડો, કે, એમ, રાણા, તેમજ અન્ય નામો કોંગ્રેસ માં ચર્ચાઈ રહ્યા છે જ્યારે ભાજપમાંથી પરસોત્તમભાઈ સાબરીયા (પુર્વે ધારાસભ્ય) ,પૂર્વ મંત્રી જયંતીભાઈ કવાડિયા રણછોડભાઈ દલવાડી દેવપાલસિહ ઝાલા, રજંનીભાઈ સધાંણી, સહિતના નામો ચર્ચાઈ રહ્યા છે

હળવદ ધાંગધ્રા૬૪ વિધાનસભા બેઠક પર સૌપ્રથમવાર પેટાચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે અને ટિકિટ લેવા માટે ટિકિટ વાચ્છુકો પોતપોતાના આકાના શરણે દોડી ગયા છે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ટિકિટ માટે બનતી તાકાત કામે લગાડીને મીટીગો નો દોર શરૂ કરી દીધો છે અને એડીચોટીનું જોર લગાવી દીધું છે ત્યારે આ બેઠક કોળી સમાજ અને પટેલ સમાજ નુ વચસ્વે છે કોંગ્રેસ ભાજપ બન્ને પક્ષો કોળી કે પટેલ સમાજના ઉમેદવારો પર પસંદગી ઉતારે તેવી શક્યતા સેવાઈ રહી છે હાલ તો બંને પક્ષો માટે અગ્નિ પરીક્ષા રૂપી સાબિત થઈ રહ્યું છે હાલતો એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે હળવદ ધાંગધ્રા વિધાનસભા બેઠક નો મુરતિયો કોણ ?હાલ બેઠકન લઈને સમગ્ર પંથકમાં ચર્ચા ટોપ ઓફ ધી ટાઉન બની ને ચર્ચાઈ રહી છે આ બેઠકની એક ખાસિયત છે નવા સમીકરણ મુજબ હળવદ એ મોરબી જિલ્લામાં સમાવેશ થાય છે અને ધાંગધ્રા એ સુરેન્દ્રનગર જિલ્લામાં છે આ બંને વિસ્તારમાં કુલ ૨૮૨ બુથ અને કુલ મતદારો ૨.૫૬,૨૦૯ લાખ જેટલા છેજેમા પુરૂષ ૧.૩૫.૮૨૪ અને મહીલા ૧.૨૦.૩૮૫મતદારો છે બંને પક્ષોએ આ બેઠક કબજે કરવા એડીચોટીનું જોર લગાવ્યું છે. અમુક રાજકીય માધાંતાઓ એવું પણ ચર્ચા કરી રહ્યા છે કે આ બેઠક પર ભાજપમાંથી ટીકીટ (કોંગ્રેસમાં) થી પરત આવેલા પરસોતમ સાબરીયા ને રીપીટ કરશે તેવી ચર્ચા ચાલી રહી છે .જ્યારે કોંગ્રેસમાંથી ગીતા પટેલને ટિકિટ માટે હાર્દિક પટેલે પણ એડીચોટીનું જોર લગાવ્યું જાણવા મળી રહ્યું છે. મુરતીયાઓના નામ ઉપર સૌની મીટ મંડાઈ રહી છે .

મોરબીની ગુનાહિત ઈતિહાસ ધરાવતી મહિલા સામે હદપારી કાર્યવાહી

લોકસભા ચુંટણી નજીક છે ત્યારે પોલીસ દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવતા ઈસમોને હદપારી કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે જેમાં પોલીસ દ્વારા બે મહિલા આરોપીને હદપાર કરવામાં આવી છે મોરબી જીલ્લા પોલીસવડાની સુચના અને ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ મોરબી એસડીએમ દ્વારા ઈસ્યુ થયેલ હદપારી હુકમ અન્વયે બી ડીવીઝન પીઆઈ આઈએમ કોઢિયાના ટીમ દ્વારા હુકમની બજવણી અન્વયે નીમુબેન રમેશભાઈ ભોજવિયા (ઉ.વ.૩૦) રહે વિસીપરા મોરબી-૨ વાળાને મોરબી જીલ્લા હદપારી અટકાયતી હુકમ અન્વયે ડીટેઈન કરી મોરબી જીલ્લા ખાતેથી હદપારી હુકમની બજવણી કરવામાં આવી છે

લીંબડી પોલીસ તથા લીંબડી મામલતદાર ઉપક્રમે ડિટેન કરવામાં આવ્યું રેતીનું ડમમ્પર



સુરેન્દ્રનગર જિલ્લા માં રોજે રોજ રોયલ્ટી વગર ની રેતીઓની ચોરીઓ ગુન્હા વધતી જાય છે. ત્યારે આજે લીંબડી પોલીસ પી.એસ.આઈ. શ્રી ગઢવી સાહેબ તેમનો પોલીસ સ્ટાફ તેમજ લીંબડી મામલતદાર સાહેબ સયુંકત દ્વારા ઓપરેશન હાથ ધરી આજે રોયલ્ટી વગર રેતી ભરેલ ડમ્પર રૂ. ૧૫,૩૬૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડેલ હતું. આ ડમ્પર ડિટેઈન કરી ને સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગ ને સંપૂર્ણ વિગત મોકલી આપી હતી.

સુરેન્દ્રનગરમાં વાહનચોરી કરનાર ઈસમને ઝડપી પાંચ બાઈક કબજે

મોરબી એલસીબી ટીમે બાઈકચોરને ઝડપ્યો

મોરબી એલસીબી ટીમે બાતમીને આધારે એક ઈસમને ઝડપી લઈને તેના કબજામાંથી એક લાખની કિમતના પાંચ મોટરસાયકલ



કબજે કર્યા છે અને બે મોટરસાયકલ સુરેન્દ્રનગર જીલ્લામાંથી ચોરી કર્યાની આરોપીએ કબુલાત આપી છે

મોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય ત્યારે બાતમીને આધારે અશોક પ્રેમજ પારધી રહે નવા કડીયાણા તા. હળવદ વાળાને ઝડપી તેના કબજામાંથી પાંચ મોટરસાયકલ કીમત રૂ ૧ લાખ જમ કર્યા છે અને પૂછપરછમાં આરોપીએ એક મોટરસાયકલ સુરેન્દ્રનગર ડો. ખારોડની હોસ્પિટલ પાસેથી ચોરી કરેલ અને બીજું મોટરસાયકલ પોતાના મિત્ર કાન્તીભાઈ ડાભી રહે માલવણ વાળા પાસેથી લીધેલ તેમજ ત્રણ મોટરસાયકલ હિતેશ મગનભાઈ સોલંકી રહે ધ્રાંગધ્રા હાલ શાપર વેરાવળ વાળો રાખવા માટે આપી ગયાની કબુલાત આપી હતી આમ સુરેન્દ્રનગરમાં મોટરસાયકલ ચોરીના બે ગુન્હાના ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

પરષોત્તમ સાબરીયાને ટિકિટ આપવાની વાત સામે આવતા હળવદ ધ્રાંગધ્રાના BJP કાર્યકરોમાં નારાજગી, ભડકાના એધાંણ

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા પરષોત્તમ સાબરીયા ધ્રાંગધ્રાથી ટિકિટ આપવામાં આવશે.તેવી વાત સામે આવતા કાર્યકરોમાં જબરો વિરોધ જોવા મળ્યો છે,



પરષોત્તમ સાબરીયાને લઈને હવે ભાજપના નેતાઓમાં નારાજગીનો સુર ઉઠ્યો છે. આ બાબતે સ્થાનિક ભાજપના આગેવાનોએ નારાજગી વ્યક્ત કરતા આ બાબતે પ્રદેશ નેતૃત્વમાં પણ રજૂઆત કરીયા નુ જાણવા મળે છે નારાજગીનું એક જ કારણ છે કે, ૨૦૧૭માં જે પક્ષના લોકો આમને-સામને હતા તે જ લોકોને ટિકિટ મળી રહી છે.

ચૂંટણીમાં ભાજપના નેતાઓની સૌથી વધારે નારાજગી આવી શકે તેવી બેઠક હળવદ ધ્રાંગધ્રા છે. કારણ કે, એક સમયે પરષોત્તમ સાબરીયાને નાનીસિચાંઈ કોભાંડ માં આરોપી સાબિત કરવાની ભૂમિકા ભાજપ દ્વારા ઉઠાવવામાં આવી હતી. પરષોત્તમ સાબરીયા જે સમયે કોંગ્રેસના ધારાસભ્ય હતા ત્યારે તેમણે નાની સિંચાઈ યોજના અંતર્ગત કૌભાંડ કર્યું હતુ અને વિધાનસભામાં પ્રશ્ન પૂછવા બાબતે લાંચ લીધી હતી. આ આરોપોના કારણે તેમને જેલ થઈ હતી અને અત્યારે તેઓ જામીન પર છે. ત્યારે તેમનું રાજીનામું લેવડાવી લેવામાં આવ્યું હતુ અને ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાયા હતા અને ભાજપ દ્વારા તેમને ટિકિટનું વચન પણ આપી દેવામાં આવ્યું છે. આ બાબતે હવે હળવદ ધાગ્રાધાં ના ભાજપના કાર્યકર્તાઓમાં રોષ છે કે, એક સમયે તેમણે જ આ લાંચિયા ધારાસભ્યને જેલ કરાવી હતી, અને તેજ હવે આ ધારસભ્યની ઉમેદવારી કરેતો કઈ રીતે મત માંગવા જવુ તેવો સણસણતો પ્રશ્નન કાર્યેકરો ચરચોય રહયો છે.

મોરબી જિલ્લામાં પૂર્વમંજુરી વિના ચારથી વધુ વ્યક્તિ એકત્ર નહિ થઈ શકે

સભા ભરવા કે સરઘસ ન કાઢવા હુકમ

લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૯ અંતર્ગત આદર્શ આચાર સંહિતા અમલમાં આવી છે. આ ચૂંટણી મુક્ત – ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય અને સમગ્ર મોરબી જિલ્લામાં સુલેહ – શાંતિ તથા કાયદો – વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તે માટે મોરબીના જિલ્લા મેજીસ્ટ્રેટએ આગામી તા. ૨૭ મી મે – ૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન મોરબી જિલ્લામાં અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધારે વ્યક્તિઓને એકત્રિત ન થવા તથા કોઈ સભા ન ભરવા કે સરઘસ ન કાઢવા હુકમ કર્યો છે.

આ હુકમમાં વધુમાં જણાવ્યા પ્રમાણે સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે સબંધિત લોકસભા મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવે છે. તથા સભા સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબમાં ઉમેરવાનો રહેશે. આ હુકમ ફરજ પર હોય તેવા ગૃહ રક્ષક દળના વ્યક્તિને, કોઈ લગ્નના વરઘોડાને, સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને તથા કોઈ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

પોશાકથી ખીલે પર્સનાલિટી

આમ તો દરેક ફેશનપરસ્ત યુવતી અને મહિલા એકનું એક આઉટફિટ પહેરીને બોર થઈ જતી હોય છે. ફેશનગુરુઓ આવી માનસિકતાથી સુપેરે પરિચિત હોય છે. તેઓ નવા અખતરા કરતા રહે છે. ફેશનેબલ આઉટફિટ પહેરવાથી પર્સનાલિટી ખીલવી જોઈએ. એ તો દરેકના શોખ પર આધાર રાખે છે. ટોપ ટેન આઉટફિટમાં આજકાલ પારંપરિક ભારતીય આઉટફિટથી માંડીને જાતજાતની સ્લીવ્સવાળાં ટોપ, પેટ એનિમલ્સની ડિઝાઈનથી માંડીને જાતજાતના કલર્સ અને ડિઝાઈનનાં વસ્ત્રો મળે છે. આપણા દેશની ભાતીગળ પરંપરા અને વસ્ત્રો પહેરવાની સ્ટાઈલ પર એક નજર કરીએ.



પારંપરિક ભારતીય ડિઝાઈન

પર્વોત્સવ વખતે તો પારંપરિક કલર્સનાં વસ્ત્રોની ધૂમ મચે છે. લોકો હવે આહિસ્તા આહિસ્તા પારંપરિક કલર્સને બદલે હળવાં પેસ્ટલ કલર્સ પસંદ કરી રહ્યા છે. એવાં કલર્સનાં આઉટફિટ પસંદ કરે છે જે પહેરીને હળવાફૂલ રહી શકે. હમણાં હમણાં મિન્ટ ગ્રીન, ચમકતા ઑરેન્જ કલરના વસ્ત્રોનું ચલણ છે. આવા કલર્સ લૂકને નવો ઓપ આપે છે. પછી તે લહેંગા ચોલી હોય કે અનારકલી, સાડી, બ્લાઉઝમાં પણ આવા કલર્સની બોલબાલા છે. હવે પલાઝો પૅન્ટ યુવતીઓના માનીતા આઉટફિટમાં સ્થાન પામ્યું છે.

પેટ

અનેક યુવતીઓ ચેન્જ માટે ક્યૂટ કૅટ, ફની ડૉગનાં ચિત્રો એમ્બોસ કરેલા શર્ટ પહેરે છે. પેટ ડિઝાઈનમાં મનગમતા કલર્સનાં એનિમલ્સ પ્રિન્ટવાળા આઉટફિટ પહેરનારને ક્યૂટ લૂક મળે છે. તે ખુશમિજાજ રહી શકે છે.

એસિમેટ્રિકલ લેયરિંગ

કુદરતી ફૅબ્રિક્સના આઉટફિટમાં લાઈટ લેયરિંગ વાળાં ટૉપ અને સ્કર્ટ પહેરવાનું પસંદ કરે છે. ઘણાં ચિક લૂક માટે ટ્યુનિક અને પલાઝો પર લૉંગ એસિમેર્ટિકલ જૅકેટ પહેરવાનું પસંદ કરે છે. આવા આઉટફિટ કમ્ફર્ટેબલ લૂક આપે છે.

સ્લીવ્સ

સ્લીવ્સની વાત આવે ત્યારે દરેકની પસંદ અપની અપની ખયાલ અપના અપના હોય છે. ડિઝાઈનરોના મતે લહેંગા અને થ્રી ફોર્થ લેન્થના ડિઝાઈનર બ્લાઉઝ હોય કે પછી સ્કર્ટ કે પૅન્ટ કે જિન્સ પર રફલ સ્લીવ્સવાળા પેસ્ટલ કલરનાં ટૉપ ઑવરસાઈઝની યુવતીઓ પહેરે તો સારી લાગે છે.

ઝાલર, ફૂમતાં, કોર

કોરવાલા આઉટફિટ પર ઝાલર, લેસ કે કોર હોય તો દુપટ્ટા પર એવાં ફૂમતાં કે કોર લગાવવાથી ઍલિગન્ટ લૂક મળે છે. પ્લેન કલરના આઉટફિટ પહેરો ને લૂક ઝંખવાઈ જાય એના કરતાં સ્લીવ્સની કોર પર બીડ્સ અથવા ઝીણાં ફૂમતા લગાવશો તો તમને પોતાને જ ફરક લાગશે.

ગ્રાફિક ડિઝાઈનવાળાં આઉટફિટ

આવી ડિઝાઈનના આઉટફિટમાં ભૌમિતિક આકૃતિઓની ભૂલભુલૈયા ડિઝાઈનના બ્લુ, ગ્રે, ગ્રીન કલરનાં ડ્રેસ સાથે મૅચ થાય તેવા કલરના પૅન્ટ અથવા લેગિંગ પહેરી શકો.

દાયકા પહેલાંની ફેશનનું પુનરાગમન

એંસી અને નેવુંના દાયકામાં જે આઉટફિટનું ચલણ હતું એ હવે ફરી હૉટ બની રહ્યું છે. વેસ્ટર્ન ડ્રેસ પર ટાઈ-અપ બૉ, ઝૂલ, લેસવાળાં આઉટફિટ ડક બ્લુ, મૅકોન પિંક અને ગ્રીન કલર્સની પહોળી બોર્ડરવાળી સાડી અને બ્લાઉઝ, લહેંગા વગેરેની પૅટર્ન દેખા દે છે.

યલોના પચાસ શેડ

આ કલરનાં પચાસ શેડના આઉટિફિટ મળે છે. આમાં તમને તમારા કૉમ્પ્લેકશનને અનુરૂપ ચોઈસ મળી રહે છે. મોટા ભાગે મૅરગોલ્ડ, ડૅફોડીલ્સ, સનફ્લવાર યલો, બટર સ્કૉચ અથવા પેસ્ટલ લેમન શેડના આઉટફિટ ભારતીય નારીના કોમ્પ્લેકશન સાથે પરફેક્ટ મૅચ થાય છે.

સદા બહાર સ્ટ્રાઈપ્સ ડ્રેસ

સ્ટ્રાઈપ્સવાળું ટૉપ પરફેક્ટ લૂક આપે છે. પિન-સ્ટ્રાઈપ્સ, બૅન્કર્સ સ્ટ્રાઈપ્સ અને ઝીણાં સ્ટારર્સવાળી ડિઝાઈનનાં ટૉપ આજકાલ વિદ્યાર્થિનીઓના મનપસંદ બની ગયા છે. આ ઉપરાંત સ્ટેપલ ફૅબ્રિકસમાંથી બનેલા સ્લીક ન્યૂ બૅન્ટ ટૉપ મહિલાઓના વૉર્ડરોબમાં સ્થાન પામ્યા છે. આ પાછળનું કારણ એ છે કે યુવતીઓ બૉય ફ્રેન્ડ સાથે ડેટ પર જાય ત્યારે ખાસંખાસ તેના શર્ટની સ્ટ્રાઈપ્સનાં કલર સાથે મૅચ થાય તેવા કલરનું ટૉપ પહેરીને મહાલે છે.

આંખ અને દિલના દરવાજા ખુલ્લા મૂકીને ગૃહિણીના કામનું એપ્રીશિએશન કરી જુઓ

હિન્દીમાં લખાયેલી આ રચના કોની છે એનું નામ ખબર નથી; પણ ભાવ, ભાષા અને અભિવ્યક્તિ જોતાં આપણા સંવેદનશીલ કવિઓ ગુલઝાર કે જાવેદ અખ્તર સાહેબની હોય એવું માનવાનું મન થાય છે. આ કાવ્ય વાંચતાં થયું કે આવી સંવેદનશીલતા અને નિરીક્ષણશક્તિ જે વ્યક્તિમાં હોય તેના જીવનસાથી એકલતા કે નિરાશાની લાગણી ભાગ્યે જ અનુભવી શકે. ઇન ફૅક્ટ, આવી દૃષ્ટિ ધરાવનાર પતિની પત્નીના જીવનમાં ડિપ્રેશન દાખલ થવાની કદાચ હિમત ન કરે! આજે ઘણી ગૃહિણીઓ પોતે ઘરમાં ને ગૃહસ્થીની જંજાળમાં ડૂબેલી રહી એટલે કંઈ જ નથી કર્યું એનું ગિલ્ટ અનુભવતી જોવા મળે છે. આવી સ્ત્રીઓ ગમે તેટલી હોશિયાર અને બુદ્ધિશાળી હોય તો પણ તેઓ પ્રોફેશનલ સ્ત્રીઓને જુએ ત્યારે એક પ્રકારનો અફસોસ કે અસંતોષ તેમના મનમાં સળવળી ઊઠે છે. પોતે બહાર કામ કરવા નથી જતી એટલે કંઈ જ નથી કરતી એવી જે લાગણી સ્ત્રીઓ અનુભવે છે એની પાછળ માત્ર તેમની પોતાની માનસિકતા જ જવાબદાર નથી હોતી, મોટા ભાગના કિસ્સામાં તેના કામ માટેનું ઘરના સભ્યોનું અને ખાસ કરીને તો પતિનું પર્સેપ્શન જ તેની એ માનસિકતાની પાછળ હોય છે. સામાન્ય રીતે જોવા મળે છે કે પતિ બહારથી કામ કરીને ઘરમાં આવે ત્યારે તે મોટું કામ કરીને આવ્યો હોય એમ તેનું ધ્યાન રખાય છે. પતિ પોતે પણ એમ જ માને છે. પત્ની ઘરની ફરજ બજાવવા ચોવીસે કલાક અને ત્રીસે દિવસ ઊભે પગે હોય છે તેમ છતાં તેના એ કામની જાણે કોઈ મહત્તા જ નથી! ઘરમાં રહીને પત્નીને તો જાણે કંઈ મહત્વનું કરવાનું જ નથી હોતું એમ માનવામાં આવે છે. અને આવા માહોલમાં ગમે એટલો આત્મવિશ્વાસ ધરાવતી સ્ત્રી પણ પોતાના કામ પ્રત્યે કે કૉન્ટ્રિબ્યુશન પ્રત્યે સાશંક થઈ જાય છે. તેને પોતાને પણ પોતે ફાલતુ કામમાં સમય વ્યતીત કરતી હોય એવી ભ્રાન્તિ મનમાં ઊઠે છે. એમાંથી જન્મે છે જાત માટેની લો એસ્ટીમ કે લઘુતાગ્રંથિ. આજે સ્ત્રીઓમાં, ખાસ કરીને ગૃહિણીઓમાં જોવા મળતા ડિપ્રેશનના કિસ્સાઓમાં સ્ત્રીની પોતાને માટેની આ લો એસ્ટીમ મુખ્યત્વે જવાબદાર હોય છે. કમનસીબે આ વાત બહુ ઓછા પરિવારોને સમજાય છે. મને ઘણી વાર વિચાર આવે છે કે સ્ત્રીઓમાં ડિપ્રેશન બાબતે થતા સર્વેમાં એક એવો સર્વે પણ થવો જોઈએ જેમાં આ સવાલ પૂછવો જોઈએ : શું તમારા કામની કે કુશળતાની પતિ કે ઘરના સભ્યો દ્વારા કદર થાય છે? મારું માનવું છે કે મોટા ભાગની સ્ત્રીઓનો જવાબ 'ના' હશે!

ચુસ્તી સ્ફૂર્તિ કા રાઝ

તમે હેમા માલિની, માધુરી દીક્ષિત, ફરાહ ખાન તથા કથક સમ્રાટ બિરજુ મહારાજને જોયા હશે. ભલે નાનાં પરદા પરના કાર્યક્રમમાં જોયાં હોય. તેમને જોતાં વ્હેંત એવું લાગે કે જાણે તેમના શરીરમાંથી અનોખી ઊર્જાનો પ્રવાહ વહેતો હોય. તેમના ચહેરા પર અજબ આભા છવાયેલી લાગે છે. આ બધાની ચુસ્તી દુરસ્તીનો રાઝ છે નૃત્ય. સાચે જ નૃત્ય એક એવી થેરપી છે જેને અપનાવવાથી શરીર અને મન તરોતાજાં થાય છે. આ બધા મહાનુભાવો શાસ્ત્રીય નૃત્યમાં પારંગત છે. શાસ્ત્રીય નૃત્યમાં કથકલી, ઓડિસી, ભરતનાટ્યમ, મણિપુરી, બૅલે ડાન્સ, સાલસા તથા બ્રેક ડાન્સ, લોકનૃત્ય વગેરે પ્રકાર છે.આ પ્રકારમાંથી કોઈ પણ એક શૈલીના નૃત્યના સ્ટેપ્સ શીખીને રોજ કરવાથી નિરોગી રહી શકાય છે. ડૉક્ટરોના મતે દર્દીની માનસિક અને શારીરિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નૃત્ય માટેનો સમય નક્કી કરવામાં આવતો હોય છે. શાસ્ત્રીય નૃત્ય પોશ્ચર ટટ્ટાર રાખવામાં સહાયભૂત થાય છે. કોઈ કહેશે કે એમ તો કોઈ રમત રમવાથી પણ કસરત મળી શકે છે, પણ ડાન્સની વાત જરા જુદી છે. તે ઉચ્ચ પ્રકારનું મેડિટેશન છે.

ડાન્સના પ્રકારથી થતા ફાયદા ડાંગના આદિવાસીઓનું નૃત્ય જોયું હશે તો તમને ખ્યાલ આવશે કે એ નૃત્યમાં એક નોખો લય અને તાલ હોય છે. આ ઉપરાંત વણઝારા નૃત્યનાં સ્ટેપ્સ શીખવાથી ચહેરાની સુરખી વધે છે. એ નૃત્યનાં સ્ટેપ્સ સહેલાં હોવાથી કોઈપણ શીખીને પ્રૅક્ટિસ કરી શકે છે. ગરબા અને દાંડિયાના સ્ટેપ્સનું તો પૂછવું જ શું!એક વાત ધ્યાનમાં રાખવી કે પહેલાં તમને કયા પ્રકારનો ડાન્સ અનુકૂળ આવી શકે તેની સલાહ ડાન્સ ક્લાસના ટ્રેનર પાસેથી લઈને આગળ વધવાનું હિતાવહ છે.

હિપ-હૉપ ડાન્સ



આ પ્રકારનો ડાન્સ યુવાનોમાં લોકપ્રિય છે. આમાં પૉપિંગ, લૉકિંગ, કૉપિંગ, અને બ્રેકિંગ જેવા સ્ટેપ્સ શિખવાડીને પ્રૅક્ટિસ કરવાનું કહેવામાં આવે છે. માત્ર પાંચ મિનિટ ડાન્સ કરવાથી મગજ પરનું બધું ટેન્શન ગાયબ થઈ જાય છે.

બી-બોઇંગ



આ પ્રકારનો ડાન્સ માર્શલ આર્ટ અને બીજા કેટલાક ડાન્સનો સમન્વય છે.આ ડાન્સમાં સ્ટ્રેન્થ અને મસલ્સની ફ્લેઝિબિલિટી હોવી જોઈએ. આ ડાન્સના સ્ટેપ્સ કરવાથી બાવડા અને પગનાં મસલ્સની સંપૂર્ણ કસરત મળે છે. આ ડાન્સની વિશેષતા એ છે કે શરીરમાં જામેલી વધારાની ચરબી (ફેટ) ઘટાડવા માટે ઉપયોગી છે. યુવાન પેઢીમાં આ ડાન્સ ખૂબ લોકપ્રિય છે. કારણ કે એનાથી તેમનું શારીરિક સૌષ્ઠવ જળવાય છે. આ ડાન્સને ઍરોબિક્સ ૨૦૧૩ વર્ઝનનું હુલામણું નામ આપવામાં આવ્યું છે.

બેલી ડાન્સ



આ પ્રકારના ડાન્સમાં પેટની અલગ અલગ રીતે મૂવમેન્ટ શિખવાડવામાં આવે છે. બૅલી ડાન્સ કરતી વખતે આગળની તરફ ઝૂકવું પડે છે એથી ફિઝિકલ વર્કઆઉટ વધુ થાય છે. પાંચથી સાત મિનિટ પૂરતી થઈ પડે છે. આ ઉપરાંત બૉલરૂમ અને સાલસા ડાન્સનાં સ્ટેપ્સ કરવાથી સ્નાયુઓ કસાય છે. બાવડાં સુદૃઢ બને છે.

કન્ટેમ્પરરી ડાન્સ


કોઈપણ પ્રકારનો ડાન્સ કરવાથી ફાયદો જ થતો હોય છે. આ ડાન્સમાં અનેક પૅટર્ન છે. તે જ તમારું ધ્યાન કેન્દ્રિત કરવામાં સહાયભૂત થાય છે. ક્લાસમાં હાઈપર ઍક્ટિવ બાળકોને શાંત કરવા આ ડાન્સનાં સ્ટેપ્સ શીખવવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે બાળકોની ઊર્જાનો પૂરો ઉપયોગ થતો હોય છે.

અનેક રોગમાં ફાયદાકારક

આ થેરપીનો ઉપયોગ ડિપ્રેશન, હૃદયજન્ય તકલીફ, સાંધાનો દુખાવો (જૉઈન્ટસ પેન) ઑસ્ટિયોપોરોસિસ ડિસ્લેક્સિયા, અને પાર્કિસન્સ જેવી બીમારીના ઈલાજમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ડાન્સ કરતી વખતે શરીરનાં સ્નાયુઓનો ઉપયોગ થાય છે. શરીરનાં અવયવોનાં સાંધાને જરાય નુકસાન પહોંચાડ્યા વિના સ્નાયુઓ સુદૃઢ અને કાર્યરત કરવામાં સહાયભૂત થાય છે.

કસરત કરતી વખતે ઇન્જરી ન આવે એનું ધ્યાન રાખો

કોઈ પણ પ્રકારની એક્સરસાઇઝ કરો તો પેઇન તો થવાનું જ છે. પેઇન લીધા વગર મજબૂત બનાતું નથી. જોકે અમુક પ્રકારનું પેઇન સારું હોય છે, કેટલુંક ખરાબ હોય છે. અમુક પેઇન વ્યવસ્થિત એક્સરસાઇઝ કરવાને કારણે થતું હોય છે તો અમુક પ્રકારનું પેઇન ખોટી રીતે એક્સરસાઇઝ કરવાને કારણે થતું હોય છે. ખાસ કરીને જિમ-એક્સરસાઇઝ કરતા લોકોને ઘણી ઇન્જરીનો સામનો કરવો પડે છે. જે લોકો હેલ્થ બનાવવા જાય તે હેલ્થ બનાવવાને બદલે ઇન્જરી લઈને ઘરે બેસે એ ઘણું ખરાબ કહેવાય. આવી ઇન્જરી કેમ થાય અને એનાથી બચવા શું કરવું એ જાણીએ પી. ડી. હિન્દુજા હોસ્પિટલના કન્સલ્ટન્ટ જનરલ ઓર્થોપેડિક્સ એન્ડ ટ્રોમા ડો. આશિષ જૈન પાસેથી.



ખભા અને કોણીના સાંધાનો દુખાવો

મોટા ભાગે જિમમાં વર્કઆઉટ કરતા અને વેઇટ ટ્રેઇનિંગ કરતા લોકોને આ પ્રકારનો દુખાવો થાય છે.

૧. ક્ષમતા કરતાં જ્યારે વધારે વજન ઊંચકાઈ જાય ત્યારે આ પ્રકારનો દુખાવો ઉદ્ભવે છે.

૨. જો જિમના મશીનમાં ખરાબી હોય તો પણ આવી તકલીફો થતી હોય છે.

૩. ઘણા લોકોની વેઇટલિફ્ટિંગની ટેક્નિક ખોટી હોય છે. ઘણા લોકોનું પૉ●ર લિફ્ટિંગ દરમ્યાન બરાબર ન હોય તો પણ પ્રૉબ્લેમ આવે છે. જરૂરી છે કે પહેલાં ઓછા વજન સાથે સાચી ટેક્નિક શીખો અને પછી જ વધુ વજન વધારવાનું વિચારો.

૪. ક્યારેક અપર બૉડીની એક્સરસાઇઝ જરૂરત કરતાં વધારે થઈ જાય છે. મોટા ભાગના જિમમાં જનારા લોકોને છાતી, ખભા અને હાથની એક્સરસાઇઝ કરવી ખૂબ ગમતી હોય છે. જો એ વધુપડતી થઈ જાય તો કાંડું, કોણી અને ખભાના સ્નાયુઓનો ઓવર-યુઝ થઈ જાય છે અને એને કારણે એના પર તાણ પડે છે. આવું ન થાય એ માટે અઠવાડિયાનું એક શેડ્યુલ હોવું જરૂરી છે. જ્યારે અપર બૉડી એક્સરસાઇઝ કરવાની હોય ત્યારે જ કરો.

૫. જરૂરી છે કે એક્સરસાઇઝ કર્યા બાદ સ્નાયુઓ અને સાંધાઓને જરૂરી આરામ મળે. જ્યારે આરામ મળે છે ત્યારે એ હીલ થઈ જાય છે. સ્નાયુઓને બિલ્ડ-અપ કરવા માટે જરૂરી છે કે એને એક્સરસાઇઝ કરીને સ્ટિમ્યુલેટ કરો, પરંતુ એના પછી એને રેસ્ટ આપીને હીલ થવાનો સમય આપવો પણ એટલો જ જરૂરી છે. વધુપડતી એક્સરસાઇઝ સ્નાયુને ખરાબ કરે છે.



જિમમાં આવતી ઇન્જરીથી કેવી રીતે બચશો

૧. જે લોકોએ હમણાં જિમ શરૂ કર્યું છે તેમના માટે જરૂરી સૂચનો જાણીએ ડૉ. આશિષ જૈન પાસેથી. જો આ સૂચનાઓને અનુસરશો તો જિમમાં આવતી ઇન્જરીથી બચી શકશો.

૨. કોઈ પણ પ્રકારની એક્સરસાઇઝ કરતાં પહેલાં જરૂરિયાત પ્રમાણે વૉર્મ-અપ ચોક્કસ કરો. વૉર્મ-અપ કરવાનો મોટા ભાગના લોકોને કંટાળો આવતો હોય, પરંતુ શરીરને એક્સરસાઇઝ પહેલાં ગરમ કરવું જરૂરી છે. આ ઉપરાંત ઇન્જરીથી બચવું હોય તો સ્ટ્રેચ કરવું પણ જરૂરી છે. દરેક શરીરના અંગનું એક જુદું સ્ટ્રેચ હોય છે. દરેક નાનામાં નાના સ્નાયુને સ્ટ્રેચ કરવામાં આવે તો ઇન્જરીથી બચવાનું સરળ છે.

૩. ધીરજ રાખો. શરૂઆત ઓછાથી શરૂ કરો. એકદમ જોશમાં આવીને ખૂબ વધારે એક્સરસાઇઝ કરશો તો ત્યાં સુધીમાં સ્નાયુઓ ટેવાયેલા નહીં હોય એટલે ઇન્જરી થવાની શક્યતા ઘણી વધારે રહે છે. ધીમે-ધીમે આગળ વધો.

૪. સાચી ટેક્નિક પણ અનિવાર્ય છે. તમારી સાઇકલને કેટલી ઊંચાઈએ સેટ કરવી કે રેઝિસ્ટન્ટ ટ્રેઇનિંગ માટે મશીનને કઈ રીતે સેટ કરવું એ વ્યવસ્થિત સમજો અને કરો. આ માટે જરૂરી છે કે તમારી પાસે એક ટ્રેઇનર હોય, જે તમને આ બાબતે સમજાવે. ટ્રેઇનરની જરૂરિયાત શરૂઆતમાં વધુ હોય છે, કારણ કે કોઈ પણ એક્સરસાઇઝનું સાચું ફૉર્મ ટ્રેઇનર બતાવે છે. એક વખત ખોટું ફૉર્મ બેસી ગયું તો ઇન્જરી થવાનું નિશ્ચિત છે. એનાથી શરીરને ફાયદો નહીં, નુકસાન જ થાય છે.

૫. ૪૫ મિનિટથી ૧ કલાક જો તમે એક્સરસાઇઝ કરતા હો તો એને ઘણું કહેવાય. એનાથી વધુ સમય એક્સરસાઇઝને ન આપો.

૬. એક્સરસાઇઝ કર્યા પછી કૂલિંગ ડાઉન પણ અત્યંત મહત્વનું છે. એ કરો અને પછી સ્ટ્રેચ કરો.

૭. એક્સરસાઇઝ કરતી વખતે અને એ પછી પણ પાણી પીતા રહેવું જરૂરી છે.

૮. જો તમે એક્સરસાઇઝ પર ધ્યાન આપો છો તો જરૂરી છે કે તમારા ખાનપાન પર પણ આપો. સ્નાયુઓ અને હાડકાં મજબૂત થાય એ પ્રકારનો ખોરાક ખાઓ. ભૂખ્યા ન રહો. પોષણયુક્ત ખોરાક ખાઓ એ જરૂરી છે.

૯. સ્નાયુઓની હેલ્થ માટે એક્સરસાઇઝ જેટલી જરૂરી છે એટલું જ જરૂરી છે એ સ્નાયુને આરામ આપવાનું. એ માટે જ મોટા ભાગે લોકો અઠવાડિયામાં એક કે બે દિવસ વેઇટ ટ્રેઇનિંગ કરે છે બાકીના દિવસ કાર્ડિયો અને ફંક્શનલ ટ્રેઇનિંગ કરતા હોય છે. પૂરતી ઊંઘ પણ એટલી જ જરૂરી છે.

૧૦. જ્યારે વજન ઉપાડો ત્યારે પ્રોટેક્ટિવ સપોર્ટ્સ મદદરૂપ થાય છે. ખાસ કરીને હેવી લિફ્ટિંગમાં. જેમ કે લમ્બર બેલ્ટ, કોણી કે ઘૂંટણના રેપ વગેરે.

૧૧. ફિટનેસ એક યાત્રા છે, કોઈ મુકામ નથી. સતત ફિટનેસ માટે પ્રયત્નશીલ રહો. સમય કાઢો અને કસરત કરો. ફિટનેસના પ્રયત્ન જ્યારથી ચાલુ કરો છો ત્યારથી જ તમે ફિટ છો એમ સમજો. ફિટ સતત રહેવાનું હોય છે, એક વખત ફિટ થઈ ગયા એટલે બસ, એવું નથી હોતું. જ્યારે એ સમજીશું ત્યારે ઇન્જરીથી બચી શકીશું.



ખાસ કરીને રનિંગ, વેઇટલિફ્ટિંગ કે જિમમાં મશીનો પર કરવામાં આવતી એક્સરસાઇઝમાં ઇન્જરીની શક્યતાઓ વધુ રહે છે. આ પ્રકારની ઇન્જરી કેમ થાય અને અને એ ન થાય એ માટે શું કરવું એ સમજવું જરૂરી છે

પગ અને ઘૂંટીનો દુખાવો

જે લોકો દોડવું, જૉગિંગ કરવું, ફંક્શનલ ટ્રેઇનિંગ, ઝુમ્બા કે ઍરોબિક્સ કે પછી ડાન્સ- ક્લાસિસ સાથે સંકળાયેલા છે તેમને આ પ્રકારના દુખાવા થતા હોય છે. આ દુખાવા કે ઈન્જરી પાછળનાં કારણો કંઈક આ પ્રકારનાં રહે છે...

૧. જો તમારાં શૂઝ યોગ્ય ન હોય, જો પગના વળાંકને એ સપોર્ટ ન આપતાં હોય અથવા વ્યવસ્થિત ગાદી ન હોય તો શૂઝ તકલીફ આપી શકે છે. ઘણા લોકો તો આ ઍક્ટિવિટીમાં શૂઝ પહેરતા નથી અને ઘણા પહેરે છે તો એ ખાસ સારાં હોતાં નથી. આજકાલ તો દોડવાનાં અને ઍક્ટિવિટી કરવાનાં એમ બન્ને શૂઝ અલગ આવે છે. આ પ્રકારની એક્સરસાઇઝમાં શૂઝ પસંદ કરતી વખતે સાવધાની રાખો.

૨. લોકોને ક્યારેક ખબર હોય તો ક્યારેક નથી હોતી કે તેમના પગ સપાટ છે. ફ્લૅટ ફીટ એટલે કે જેમના પગનાં તળિયાં સપાટ હોય તે કોઈ પણ પ્રકારની કસરત કરે કે દોડે તો તેમની ઘૂંટી, ઘૂંટણ અને પગનાં હાડકાં પર ઘણું પ્રેશર આવે છે.

૩. જો એક્સરસાઇઝ કરતાં પહેલાં અને એક્સરસાઇઝ કર્યા પછી વ્યવસ્થિત સ્ટ્રેચિંગ ન કર્યું હોય તો ઈન્જરી થવાની શક્યતા વધી જાય છે.

૪. કૅલ્શિયમ કે વિટામિન ડ્ની ઊણપ હોય તો પણ શરીરમાં દુખાવા અને તકલીફ ચાલુ થઈ જાય છે.

લોકોને ક્યારેક ખબર હોય તો ક્યારેક નથી હોતી કે તેમના પગ સપાટ છે. ફ્લેટ ફીટ એટલે કે જેમના પગનાં તળિયાં સપાટ હોય તે કોઈ પણ પ્રકારની કસરત કરે કે દોડે તો તેમની ઘૂંટી, ઘૂંટણ અને પગનાં હાડકાં પર ઘણું પ્રેશર આવે છે. શરૂઆત ઓછાથી શરૂ કરો. એકદમ જોશમાં આવીને ખૂબ વધારે એક્સરસાઇઝ કરશો તો ત્યાં સુધીમાં સ્નાયુઓ ટેવાયેલા નહીં હોય એટલે ઇજા થવાની શક્યતા ઘણી વધારે રહે છે. ધીમે-ધીમે આગળ વધો. ફિટનેસ એક યાત્રા છે, કોઈ મુકામ નથી. સતત ફિટનેસ માટે પ્રયત્નશીલ રહો. સમય કાઢો અને કસરત કરો. ફિટનેસના પ્રયત્ન જ્યારથી ચાલુ કરો છો ત્યારથી જ તમે ફિટ છો.

પીઠ કે કમરનો દુખાવો

આ પ્રકારની તકલીફ પણ ઘણાને વધુપડતો ભાર ઉપાડવાને કારણે, ખભા દબાય એવી કોઈ કસરત કરવાથી અથવા સ્ક્વૉટ્સ જેવી કસરતને કારણે પણ થઈ શકે છે.

એક્સરસાઇઝ કરવાની રીત જેમની સાચી ન હોય, જે ફૉર્મમાં એ થવી જોઈએ એ ન થાય તો આ પ્રકારની ઈન્જરી થાય છે.

જેમણે વૉર્મ-અપ બરાબર ન કર્યું હોય અને સીધા એક્સરસાઇઝ કરવા લાગી પડ્યા હોય તેમને આ તકલીફ થાય છે. આ ઉપરાંત વેઇટ ટ્રેઇનિંગ કરનારા લોકો માટે સ્ટ્રેચિંગ અત્યંત મહત્વનું છે. એટલે જરૂરી છે કે તે સ્ટ્રેચિંગ પર પૂરું ધ્યાન આપે.

ઘણી વાર એવું થાય છે કે જે બેઠાડુ જીવન જીવતા હોય અને એકદમ જ એક્સરસાઇઝ કરવા લાગે તો આવી તકલીફ ઊઠે છે. જરૂરી છે કે તમે ધીમે-ધીમે આગળ વધો. એકદમ જ એક્સરસાઇઝ ન કરવા લાગો. ધીમે-ધીમે કરવાથી પીઠ મજબૂત થશે. આ પ્રોસેસને સમય આપવો જરૂરી છે. તો ઈન્જરી નહીં થાય.

આપણને સમજાય નહીં, પરંતુ જો પગના હેમસ્ટ્રિંગ્સ સ્નાયુઓ એકદમ ટાઇટ હોય તો આ પ્રકારનો દુખાવો થતો હોય છે. જો એવું હોય તો ડૉક્ટર પાસે તપાસ કરાવીને એને ઠીક કરવું જરૂરી છે નહીતર કમરના ભાગ ઉપર ખેંચ આવ્યા કરે છે અને ઈન્જરી થવાની શક્યતા વધતી રહે છે.

HOLIDAYS TOURS & TRAVELS
ગો. ગો. ગોવા
પ્રવાસ દિવસ : 7
ચાર ધામ
પ્રવાસ દિવસ : 16
ઉનાળા વેકેશનના પ્રવાસોનુ બુકીંગ ચાલુ
મો.૯૯૨૫૧ ૩૫૪૯૫

WiselyInvest .com
શું આપ નાણા રોકાણ અંગે મૂંઝવણ અનુભવો છો?
ગુંજવણ ભરી યોજનાઓ માંથી શ્રેષ્ટ પસંદગી ૩બરૂ માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત છે
SIP | Fixed Income | MF
ફક્ત એક ફોન કોલ દ્વારા
Sepunj Kapadia
+91- 93747 26576

કંપની માન્ય ઓથોરાઈઝ શો-રૂમ
મારૂતિ ઈલેક્ટ્રોનિક્સ
અમારૂ લક્ષ્ય : BEST PRICE - BEST PRODUCT - BEST SERVICE
SAMSUNG SONY HITACHI IFB Whirlpool LG LLOYD MITSUBISHI ELECTRIC BLUE STAR Panasonic BOSSH NATRAJ Haier Carrier VIVO oppo MAHARAJA WHITELINE
0 % ફાઈનાન્સ ઉપલબ્ધ
હવે ભરૂચ જીલ્લાના ગ્રાહકોને સુરત,બરોડા જવાની જરૂર નહિં રહે
BAJAJ FINSERV CAPITAL FIRST HDB FINANCIAL SERVICES
ઓન લાઈન કરતા ઓછા ભાવની ખાત્રી
દરેક ઈલેકટ્રોનિકસ બ્રાન્ડ એક જ સ્થળે
હાજીમંજુલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અંકલેશ્વર
ફોન : 02646 - 244710
જીવનદીપ આર્કેડ,એશીયન પેઈન્ટસ ચોકડી, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર ફોન:૦૨૬૪૬-૨૨૨૭૧૦
હેલ્પલાઈન નંબર : 7043191283

દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497
રાધે ડેરી ફાર્મ
ભેળસેર વગરનું શુધ્ધ તબેલાનું તાજુ દૂધ
શ્રેષ્ઠ જાતની જાફરી ભેંસોનું દૂધ
દેશી ઉચ્ચ જાતની ગીર ગાયનું દૂધ
સવાર/સાંજ હોમ ડિલીવરી
કુલ ક્રીમ દૂધ મીનીમમ ૭.૫ % ફેટ (₹ ૬૦/- લીટર)
રેગ્યુલર દૂધ મીનીમમ ૬.૦ % ફેટ (₹ ૫૦/- લીટર)
ગીર ગાયનું દૂધ મીનીમમ ૩.૦ % ફેટ (₹ ૪૫/- લીટર)
તબેલામાં વીઝીટ લઈ શકાશે
વીઝીટનો ટાઈમ (સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સાંજે ૪:૦૦ થી ૬:૦૦)
સવારે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
સાંજે ડિલીવરી નો સમય ૬:૦૦ થી ૯:૦૦
દૂધ બંધાવવા માટે સંપર્ક MO: 9727645497

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કાું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
શેતરંજી આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૬૧૧ ● E-mail : info@mugatlalbsons.com

હોલસેલ ભાવે છુટકમાં
કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
લાલ-પીળા ભગવા અબોટીયા
લાલ ગમછા (અંગુછા)
ઘાબળા - પોલાર બ્લેન્કેટસ
સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની
ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

THICKSHAKE -NEW VARIETY-
રજવાડી કીંગ રજવાડી ક્વીન
મખ્ખન ભોગ
Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/- T&C apply*
zomato Service Available
PURE VEG.
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્કઃ +91 9879217786

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Madhivala LINIMENT

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
રીચાર્જેબલ હીયરીંગ એઈડ
જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ચુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270


For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
24 Acres Landscaped Gardens
194 Luxurious Rooms • Water Park
Colorful Fountains • Wellness Spa
Cricket/ Football Indoor Games
Entertainment Programs
8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

ADMISSION OPEN
JYOTI CLASSIS
STD 5 TO 10 STD 11 TO 12 COMMERCE & SCIENCE
Add : INOX, ZADESHWAR, 9898383083-9228177852
SCIENCE SUB.
MATHS, (NIMIT SIR)
CHEMISTRY (PURAV TALAVIYA) EXP. 10 YRS.
BIOLOGY (RANA SIR) EXP. 30 YRS.
PHYSICS (K.P. SIR) EXP. 30 YRS.
COMMERCE
- ACCOUNT - ECO - B.A.
- STATE - ENGLISH



3000/-
Rebonding
Smoothing
& straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

રોસાલીન લગાવો...ઘૂંટણનો દુખાવો ભગાવો
૧૯૨૫ થી આપની સેવામાં
ભાવસારનું આયુર્વેદિક
રોસાલીન®
લીનીમેન્ટ (માલિશ તેલ)
વા, વાયુથી થતા એડી, પીંડી, ઘુંટણ, ગરદન, કમર, છાતીમાં કળ મારવી, સોજો તથા શારીરિક તેમજ દરેક જાતના સાંધાનાં દુઃખાવા માટે ભાવસાર રોસાલીન (માલિશ) તેલ અત્યંત ઉપયોગી.


રોસાલીન રહે જ્હાં, દર્દ ના રહે વહાં...


માથાનો દુખાવો અને શરીરની કળતર માટે
ભાવસાર પેઈન બામ
ફ્રી 80ml પેક પર
દરેક મેડીકલ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ
ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી), ગુજરાત.
Customer Care : 02626 220015 • visit us : www.bhawsarayurveda.com • email: bhawsarjv@yahoo.com

ઓપન ઈન્ટર્વ્યુ
HDFC બેંકમાં કાયમી જોબ SLI ડીપાર્ટમેન્ટ (માઈક્રો ફાઈનાન્સ)
HDFC BANK We understand your world
હોદ્દો (પદ) : સેલ્સ ઓફિસર
લાયકાત : ગ્રેજ્યુએટ ફરજીયાત પગાર : ૧૨૦૦૦/-
Bhanu Pratap: 09074709079 Daxesh Patel: 79909 88084 Harendra Singh: 78020 41188
127, ALFA SOCIETY, LINK ROAD, BHARUCH

શેલ ઈડલી Parcel Point C.R. Chambers, Shital Circle, Bharuch.
Time : Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each

MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each

TUTIFUTI CHOCOCHIPS ORANGE CHOCOCHIPS STRAWBERRY CHOCOCHIPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each

PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભારતની સૌથી વિશ્વસનીય ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર બ્રાંડ


■ ઘરેથી ચાર્જ કરો ■ પેટ્રોલ નહિં, પ્રદુષણ નહિં
■ નો મેઈન્ટેનન્સ ■ સલામત ઝડપ, ચલાવવામાં સરળ
LITHIUM BATTERY ૩ વર્ષની વોરંટી
શ્રી શકિત ઓટો શ્રીજી કોમ્પ્લેક્ષ, હોટલ નર્મદા પાસે, ને.હા.નં.૮, ઝાડેશ્વર, ભરૂચ.
MO. 85111 54333 - 96012 63333

Podar Jumbo Kids
EYFS Early Years Foundation Stage British Curriculum
UK's Pre-School Curriculum

Playgroup, Nursery, Jr. KG, Sr. KG

Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning

Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

MS Touch Wood FURNITURE
ફકતને ફકત આધાર-કાર્ડ લાવો અને એકપણ રૂપિયો ચૂકવ્યા વગર ફર્નિચર વસાવો
0% ડાઉનપેમેન્ટ, વ્યાજ, ફાઈલચાર્જ, પ્રોસેસીંગ ચાર્જ BAJAJ FINSERV
ફેન્સી સોફા અને બેડરૂમ સેટની વિશાળ રેંજ
કન્યાદાન પેકેજ
બેડ (6X5) - કબાટ (3 ડોર)
ડ્રેસીંગ ટેબલ - ગાદલુ - ટીપોઈ
બે તકીયા - સોફાસેટ (3+2)
ડાઈનીંગ ટેબલ (૪ ચેર સાથે)
₹ 55,000/-
New Collection

એક જ ભાવ સૌથી સસ્તુ... સૌથી સારૂ... FIXED RATE
કન્યાદાન બેડરૂમ સેટ 24,999/-
સોફાસેટ કોર્નર 19,900/-
સોફાસેટ 3+2 સીટર 15,900/-
ડબલ બેડ 5X6 12,500/-
કબાટ 3 ડોર 12,500/-
કબાટ ૨ ડોર 9,900/-
હાલમાં જ ગીન્નેસ બૂક ઑફ વર્લ્ડ રેકર્ડ્સે ૧૧૬ વર્ષના જાપાની કેન તનાકાને સૌથી મોટી ઉંમરના જીવંત વ્યક્તિનું પ્રમાણપત્ર આપ્યું છે. ગીન્નેસ બૂકે આવા સૌથી વધુ પ્રમાણપત્રો જાપાનીઓને જ આપવા પડ્યા છે. ગયા વર્ષે જુલાઈમાં ચિયો મિયાકોનું અવસાન થયું ત્યારે તેઓ ૧૧૭ વર્ષના થઈ ગયા હતા. તેમના થોડા મહિના પહેલા એપ્રિલ ૨૦૧૮માં નબી તાજીમા નામના જાપાની વૃદ્ધ ૧૧૭ વર્ષ સુધી જીવીને અવસાન પામ્યા હતા. તે વખતે કેન તનાકા બીજા નંબરે હતા અને ૧૧૫ વર્ષના થયા હતા. હવે તેઓ નંબર વન થયા છે. તેમની પાછળ મસાઝો નોનાકા નામના જાપાની વૃદ્ધ લાઈનમાં ઊભા જ છે, જેમની ઉંમર પણ હવે ૧૧૫ વર્ષની થઈ ગઈ છે. થોડા વખત પહેલાં એવો એક અહેવાલ આવ્યો હતો કે જાપાનના વૃદ્ધોમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. આ વિશે તપાસ કરવામાં આવી ત્યારે ખ્યાલ આવ્યો કે જાપાની વૃદ્ધો એકાકીપણાથી અને અપૂરતી આવકથી કંટાળીને જેલમાં જવાનું પસંદ કરે છે. નાનો એવો ગુનો કરવાનો—જેમ કે સ્ટોરમાં જઈને વસ્તુ લઈને ચાલતા થવાનું. પોલીસ ફરિયાદ થાય એટલે બે કે ત્રણ વર્ષની જેલ મળે ત્યાં ખાવાપીવાનું મફત મળે. દરમિયાન પેન્શન મળતું હોય તે જમા થતું જાય એટલે થોડી બચત થઈ જાય. બહાર આવીને બચત વત્તા પેન્શન પર વળી એકાદ વર્ષ બહાર મજા કરીને બગીચામાં જઈને જાહેરમાં છરી બતાવવાની. પોલીસ આવીને પકડી જાય અને ફરી બે ચાર વર્ષ અંદર આરામથી રહેવાનું! પણ હાલમાં એક અભ્યાસ થયો તેમાં ભારત માટે ચિંતા થાય તેવી વાત એ છે કે ભારતમાં વ્યક્તિ વૃદ્ધાવસ્થાનો અનુભવ વહેલો કરે છે. આ દેશમાં માણસ જલદી વડિલ થઈ જાય છે. જાપાન અને યુરોપના સ્વીટઝરલેન્ડ જેવા દેશોમાં સારા સ્વાસ્થ્યને કારણે ૭૦ વર્ષ સુધી માણસને થાક લાગતો નથી. ભારતમાં માણસ ૫૦ વર્ષની ઉંમરથી થાકવા લાગે છે. જોકે વિશ્વમાં જાપાન, સ્વીટર્ઝલેન્ડ અને ફ્રાન્સથી શરૂ થતા લિસ્ટમાં ભારતનો ક્રમ છેક ૧૫૯માં આવ્યો છે. ઉંમરની સાથે આવતી બિમારીઓની બાબતમાં ભારતનો ક્રમ ૧૩૮મો રહ્યો. ફ્રાન્સ અને સિંગાપોરમાં ૭૬ વર્ષ સુધી સારું સ્વાસ્થ્ય રહે છે અને વૃદ્ધાવસ્થા બોજારૂપ લાગતી નથી. કૂવૈ ઓઈલને કારણે આવેલી સમૃદ્ધિ પછી કુવૈત પણ ૭૫.૩ વર્ષની ઉંમર સાથે પાંચમાં નંબરે છે.

કોંગ્રેસની ૨૭ ઉમેદવારોની ચોથી યાદી જાહેર, તિરુવનંતપુરમથી થરૂર ત્રીજી વાર રિપીટ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે શનિવારે મોડી રાત્રે પોતાના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી હતી. જેમાં કેરળની ૧૨, ઉત્તર પ્રદેશની સાત, છત્તીસગઢની પાંચ, અરુણાચલ પ્રદેશની બે અને આંદામાન-નિકોબારની એક બેઠક માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. કોંગ્રેસે અરુણાચલના ભૂતપૂર્વ મુખ્યપરધાન નાબાબ ટુકીને અરુણાચલ પશ્ચિમ અને શશિ થરૂરને તિરુવનંતપુરમ બેઠકની ટિકિટ આપી છે.

કોગ્રેસે કેરળની કાસરગોડ ખાતેથી રાજમોહન ઉન્નીથયનને, કોઝિકોડ બેઠક પરથી રાઘવનને, પલક્કડ બેઠક પરથી વીકે શ્રીકંટનને, અર્નાકુલમ બેઠક પરથી હિબી ઈડનને, ઈડુક્કી બેઠક પરથી ડીન કુરિયાકોસને, કન્નૂર બેઠક પરથી કે સુધાકરણને ટિકિટ આપવામાં આવી છે.

ઉત્તર પ્રદેશની કૈરાના બેઠક પરથી હરેન્દ્ર મલિકને, બિજનૌર બેઠક પરથી ઈન્દિરા ભાટીને, મેરઠ બેઠક પરથી ઓમપ્રકાશ શર્માને, ગૌતમબુદ્ધ નગરથી અરવિંદ સિંહ ચૌહાણને, અલીગઢ બેઠક પરથી બ્રિજેંદર સિંહને, ઘોસી બેઠક પરથી બાલકૃષ્ણ ચૌહાણને અને હમીરપુર બેઠક પરથી પ્રીતમ લોધીને ટિકિટ આપવામાં આવી છે.

આ સિવાય છત્તીસગઢના સરગુજાથી ખેલ સાંઇ સિંહ, રાયગઢથી લાલજીત સિંહ રાઠિયા, જાંજગીર-ચાંપાથી રવિ ભારદ્વાજ, બસ્તરથી દીપક બૈજ અને કાંકેર ખાતેથી બ્રજેશ ઠાકુરને ટિકિટ અપાઇ છે. અરુણાચલના પૂર્વમાંથી જેમ્સ લોવાંગચા વાંગલેટ અને અંદમાન અને નિકોબાર બેઠક પરથી કુલદીવ રાય શર્માને ટિકિટ આપવામાં આવી છે.


ઝારખંડમાં પણ મહાગઠબંધનઃ JMM-JVM કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડશે

રાંચી

બિહાર બાદ હવે ઝારખંડમાં પણ મહાગઠબંધનની જાહેરાત થઈ ગઈ છે. ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી અધ્યક્ષ અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી હેમંત સોરેને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યા હતા. આ મુલાકાત બાદ તેમણે એવો દાવો કર્યો છે કે, રાજ્યમાં આગામી લોકસભા ચૂંટણી માટે ઔપચારિક રીતે મહાગઠબંધનને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ સોરેને ટ્વીટ કરીને આ દાવો કર્યો હતો. સોરેને જણાવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળ્યા હતા. મુલાકાત હકારાત્મક રહી અને તમામ મુદ્દાઓ પર પરસ્પર સહમતિ સાધવામાં આવી છે, ત્યારબાદ ઝારખંડ વિકાસ મોરચાના અધ્યક્ષ બાબુલાલ મરાંડીએ પણ કોંગ્રેસના નેતાઓ સાથે મુલાકાત કરીને ગઠબંધન અંગે પોતાની મંજૂરીની મહોરા મારી દીધી હતી. શનિવારે મોડી સાંજે લગભગ તમામ દળોની હાજરીમાં સંયુક્ત રીતે જાહેરાત કરવામાં આવી કે બેઠક વહેંચણીને લઈને પરસ્પર સહમતિ સાધવામાં આવી છે. અગાઉ કોંગ્રેસના ઝારખંડના પ્રભારી આરપીએન સિંહ, ઝામુમોના કાર્યકારી અધ્યક્ષ હેમંત સોરેન, ઝાવિમો અધ્યક્ષ બાબુ લાલ મરાંડીએ શનિવારે દિલ્હીમાં મહાગઠબંધન અંગે સાથે મળીને ચર્ચા કરી હતી.

















માતા-પિતા, પુત્ર-પુત્રવધૂ તથા તેમની ૬ વર્ષીય દીકરી એકી સાથે મોતને ભેટતા ગામમાં ગમગીની

કપુરાના ગુમ વેપારી પરિવારના પાંચ સભ્યની લાશ ઈકો ગાડી સાથે કાકરાપાર નહેરમાંથી મળી

૨૦ દિવસ પહેલા કડોદ મંદિરે દર્શન કરવા ગયા બાદ પરિવારનો કોઈ અતોપતો ન હતો

વ્યારા-બારડોલી

વ્યારાના કપુરા હાઇસ્કૂલની બાજુમાં વૃંદાવન સોસાયટીમાં રહેતા ભીંડાના વેપારી ધર્મેશભાઇના પરિવારના પાંચ સભ્યો ઘરેથી મારુતિ ઈકો ગાડી લઈને ૨૮ ફેબ્રુઆરીએ કડોદ ખાતે મંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યા હતા. ત્યારબાદ ઘરે પરત ન ફરતા પરિવારના તમામ સભ્યોની લાશ રવિવારે ઈકો ગાડી સાથે બાલ્દા બેડકુવામાંથી પસાર થતી કાકરાપાર નહેરમાંથી મળી આવી હતી. તમામને પોલીસ અને તૈરવૈયાઓએ ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. આખો પરિવાર એકીસાથે યમસદન પહોંચી જતા સગાસ્નેહીઓ તથા ગામમાં શોકની કાલિમા છવાઇ ગઇ છે.

વ્યારાના કપુરા ગામના હાઇસ્કૂલની બાજુમાં વૃંદાવન સોસાયટીમાં રહેતા જીવણભાઇ ગેમાભાઇ ગામીત (ઉં.વ.૬૫), શર્મિલાબેન જીવણભાઇ ગામીત (ઉં.વ.૬૨), ધર્મેશભાઇ જીવણભાઇ ગામીત (૪૧), સુનિતાબેન ધર્મેશભાઇ ગામીત(૩૬) તથા ઉર્વી ધર્મેશભાઇ ગામીત(ઉં.વ.૬)નો આખો



પરિવાર તા.૨૮-૨-૧૯ ના રોજ સાંજના ૭ કલાકના અરસામાં પોતાની મારુતિ ઈકો ગાડી ગ્રે કલરની (નં.જીજે.૨૬.એ.૮૪૪૩) લઈને બામણી ગામે કડોદ ખાતે મંદિરે દર્શન કરવા જવાનું કહીને નીકળ્યા હતા, પરંતુ તેઓ પરત ન આવતા તેમજ તમામના મોબાઇલ બંધ આવતા હોવાથી પરિવારની શોધખોળ શરૂ થઇ હતી. વ્યારા માર્કેટયાર્ડમાં ભીંડાના વેપાર સાથે સંકળોલા ધર્મેશભાઇ ગામીત તેમના પરિવારના તમામ સભ્યો સાથે નીકળ્યા હોય જેઓની ગ્રામજનો, સગાસંબંધીઓ તથા પોલીસે પણ તપાસ શરૂ કરી હતી. જોકે રવિવારે બાલ્દા બેડકુવામાંથી પસાર થતી કાકરાપાર નહેરના પુલ નજીક ઈકો ગાડી પડેલી જોવા મળી હતી. છેલ્લા કેટલાંક દિવસથી નહેરમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી જે સમયે ગાડી ખાબકી તેની જાણ થઇ ન હતી, પરંતુ નહેરમાં પાણીનો પ્રવાહ ઓછો થતા જ ગાડી જોવા મળતા જે ગુમ થયેલા કપુરાના ગામીત પરિવારની હોવાનું બહાર આવ્યું હતું. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડ્યા હતા. પોલીસ પણ સ્થળ ઉપર દોડી જતા ક્રેનની મદદથી ગાડીને નહેરમાંથી બહાર કાઢવામાં આવી હતી. નહેરમાં ખાબકેલી ગાડીમાં ફસાયેલા પરિવારના પાંચેય સભ્યોના ગુંગળાઈને મોત થયા હોય જેઓના મૃતદેહ દુર્ગંધ મારવા લાગ્યા હતા. જો કે શાંતિપ્રિય એવા પરિવારની માસુમ બાળા સહિત તમામ સભ્યોના એકીસાથે મોતને પગલે ગામમાં ગમગીની છવાઇ હતી. કડોદ ખાતે દર્શન કરવા જવાનું કહીને નીકળેલા પરિવારની ગાડી કેવી રીતે નહેરમાં ખાબકી તે અંગે અટકળો ગ્રામજનોમાં થતી રહી છે.

પરિવારને શ્રદ્ધાંજલિરૂપે સોમવારે વ્યારા માર્કેટમાં વેપારીઓ બંધ પાળશે

વ્યારા માર્કેટમાં ભીંડાના વેપાર સાથે સંકળાયેલા વેપારી ધર્મેશભાઇ ગામીત આખા પરિવારનું એક સાથે સ્વર્ગ લોક પહોંચ્યા હોય, શ્રધ્ધાંજલિ અર્પિત કરવા માટે માર્કેટ બંધ રાખવાની લેખિત રજુઆત એ.પી.એમ.સી.ના પ્રમુખને વેજેટેબલ એસોસીએશન વ્યારાએ કરતા જણાવ્યું છે કે, વ્યારા માર્કેટમાં ધંધો કરતા વેપારી ધર્મેશભાઇ જીવણભાઇ ગામીત તથા તેમના પરીવારનું અવસાન થયેલું હોવાથી જેઓની શ્રધ્ધાંજલિ રૂપે તા.૧૮-૩-૧૯ ના સોમવારના રોજ સવાર-સાંજ માર્કેટયાર્ડનું કામકાજ સંપુર્ણપણે બંધ રાખવાનો વેપારીઓએ નિર્ણય લીધો છે.

૨૦૨૫ બાદ પાકિસ્તાન ભારતનો જ એક ભાગ બની જશે : ઈન્દ્રેશ કુમાર

તમે લખી લો ૫-૭ વર્ષ પછી તમે ક્યાંક કરાંચી, લાહોર, રાવલપિંડી, સિયાલકોટમાં મકાન ખરીદશો અને ત્યાં બિઝનેસ પણ કરશો

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમારે દાવો કર્યો છે કે, ૨૦૨૫ બાદ પાકિસ્તાન ભારતનો જ એક ભાગ બની જશે. આ વાત તેમણે મુંબઈમાં આયોજીત કાશ્મીર-વે અહેડ કાર્યક્રમમાં જણાવી હતી.

તેમણે જણાવ્યું હતુ કે, તમે લેખિતમાં આ વાત લઇ લો. ૫-૭ વર્ષ બાદ તમે કયાંક કરાંચી, લાહોર, રાવલપિંડી, સિયાલકોટમાં મકાન ખરીદશો અને તમને ત્યાં બિઝનેસ કરવાની તક મળશે.

ઈન્દ્રેશ કુમારે જણાવ્યું હતું કે, ૧૯૪૭ પહેલા પાકિસ્તાન ન હતું. લોકો જણાવે છે કે ૧૯૪૫ પહેલા પાકિસ્તાન પણ ભારતનો ભાગ હતો. ૨૦૨૫ બાદ ફરીથી તે ભારતનો ભાગ હશે. તેમણે અખંડ ભારતની વાત કરતા જણાવ્યું હતું કે, ભારતની સહરદો પણ યુરોપીયન સંધની જેવી હશે. દિલ્હીએ આ વાતની સ્પષ્ટતા કરી દીધી છે અને બાંગ્લાદેશ સરકાર પણ તેના માટે તૈયાર છે.

તેમણે જણાવ્યું હતું કે, હવે રાજકીય ઈચ્છાશક્તિમાં ફેરફાર આવ્યા છે, તેથી આપણે સ્વપ્ન જોઈ રહ્યા છે કે લાહોર જઈ બેસીશું અને કૈલાશ માનસરોવર માટે ચીનની પરવાનગી લેવાની જરૂર રહેશે નહીં. ઢાકામાં આપણે જ સરકાર બનાવી છે. આવામાં ભારત યુરોપીયન યુનિયનની જેમ ભારત યુનિયન ઓફ અખંડ ભારતના માર્ગે જઈ શકે છે. તેમણે પુલવામા હુમલાની વાત કરતા જણાવ્યું હતું કે, આતંકી હુમલા બાદ વડાપ્રધાન મોદીના પગલાથી વિપક્ષ પણ પરેશાન છે.

ન્યૂઝીલેન્ડ હુમલોઃ વડાપ્રધાનનું મોટું નિવેદન

મને હુમલાના નવ મિનિટ પહેલા મેનિફેસ્ટો ઈ-મેલ કરવામાં આવ્યો હતો

વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્દા આર્ડર્ને જણાવ્યું છે કે, વડાપ્રધાન ઓફિસને શુક્રવારે મસ્જિદમાં કરાયેલા હુમલાની થોડી મિનિટ પહેલા જ હુમલાખોરનો મેનિફેસ્ટો મળ્યો હતો. આ મેનિફેસ્ટો કુલ ૩૦ લોકોને મોકલવામાં આવ્યો હતો.

આર્ડર્ને રવિવારે જણાવ્યું હતું કે, હું એ ૩૦ લોકોમાંની એક હતી જેમને હુમલાના નવ મિનિટ પહેલા મેનિફેસ્ટો ઈ-મેલ કરવામાં આવ્યો હતો. જોકે તેમાં હુમલા અંગે કોઈ ખાસ માહિતી ન હતી. મેં મેનિફેસ્ટો મળ્યાની બે મિનિટમાં અંદર જ સુરક્ષા એજન્સીને તે ફોરવર્ડ કરી દીધો હતો. અગાઉ ન્યૂઝીલેન્ડની મસ્જિદમાં કરાયેલા હુમલાને જેસિન્દા આર્ડર્ને આતંકી હુમલા ગણાવ્યો હતો.

શુક્રવારે ન્યૂઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ ખાતેની મસ્જિદમાં બ્રેન્ટન ટેરેન્ટે નામના હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર કર્યા હતા. જેમાં ૪૯ લોકોના મોત નીપજ્યા હતા. બ્રેન્ટને હુમલા પહેલા ૭૩ પાનાનો મેનિફેસ્ટો લખ્યો હતો. જેમાં તેણે આ હુમલાને બદલાની ભાવનાથી કર્યો હોવાનું કબૂલ્યું હતું. તેણે એ સિવાય એમ પણ લખ્યું હતું કે, તે પોતે વ્હાઈટ સુપ્રીમસીમાં માને છે અને ઈમિગ્રન્ટસ પ્રત્યે સખત નફરતા ધરાવે છે.

આજે જાહેરાત થાય તેવી શક્યતા

દેશના પહેલા લોકપાલ બનશે સુપ્રિમ કોર્ટના પૂર્વ જજ પિનાકીચંદ્ર ઘોષ..!!

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ પિનાકીચંદ્ર ઘોષ (પીસી ઘોષ)નું નામ દેશના પહેલા લોકપાલ તરીકે ફાઇનલ કરી લેવામાં આવ્યું છે. સૂત્રો મુજબ, સોમવારે ઓફિશિયલ રીતે તેની જાહેરાત કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ પીસી ઘોષ હાલમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)ના સભ્ય છે.

ઉલ્લેખનીય છે કે, ભ્રષ્ટાચારના મામલાઓ પર એક સ્વતંત્ર અને મજબૂત સંસ્થા સ્થાપિત કરવા માટે વર્ષ ૨૦૧૩માં લોકપાલ તથા લોકાયુક્ત બિલ પાસ કરવામાં આવ્યું હતું. ૧૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ આ બિલ લાગુ થયું હતું. જોકે, કેન્દ્રની મોદી સરકારના પાંચ વર્ષના કાર્યકાળમાં લોકપાલની નિયુક્તિ ન કરી શકી.

લોકપાલની નિયુક્તિમાં થઈ રહેલા વિલંબને લઈને કોમન કોજ નામની એક બિન-સરકારી સંસ્થાએ (NGO) સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરી હતી. પિટિશનકર્તા તરફથી રજૂઆત કરી રહેલા સીનિયર એડવોકેટ પ્રશાંત ભૂષણે કોર્ટમાં અપીલ કરી હતી કે સરકારને વહેલી તકે લોકપાલની નિયુક્તિનો આદેશ આપવામાં આવે.

પીઆઈએલ પર સુનાવણી કરતા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) રંજન ગોગોઈની આગેવાનીમાં બેન્ચે મોદી સરકારને લોકપાલની નિયુક્તિને લઈને થઈ રહેલા વિલંબ અંગે કારણ પૂછ્યું હતું એન ૧૫ દિવસની અંદર જવાબ આપવા કહ્યું હતું. ૧૭ જાન્યુઆરીએ હાથ ધરાયેલી સુનાવણીમાં કોર્ટે લોકપાલની નિયુક્તિમાં વિલંબને લઈને કેન્દ્ર સરકાર પર ફટકાર વરસાવી હતી. કોંગ્રેસના સીનિયર નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ બે દિવસ પહેલા લોકપાલની નિયુક્તિને લઈને સરકારને સાતમી વાર પત્ર લખ્યો હતો.

પુલવામા હુમલાનો બદલો લેવા માટે ભારતે

ભારતે પાકિસ્તાનને છ મિસાઈલથી હુમલો કરવાની ચેતવણી આપી હતી

જોકે ટ્રમ્પ પ્રશાસને મધ્યસ્થા કરી ભારતને પાકિસ્તાન પર હુમલો કરતા રોક્યા

ન્યુ દિલ્હી

પુલવામા હુમલાનો બદલો લેવા માટે ભારતે કરેલી એર સ્ટ્રાઈક બાદ બંને દેશો વચ્ચેનો તનાવ યુધ્ધમાં પરિણમે તે હદની સ્થિતિ આવી ગઈ હોવાનો ઘટસ્ફોટ થયો છે. એવો અહેવાલ છે કે અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટને કરેલી મધ્યસ્થતા બાદ બંને દેશો વચ્ચે તનાવ ઓછો થયો હતો.એક સમયે એવો આવી ગયો હતો કે રોષે ભરાયેલા ભારતે પાકિસ્તાન પર ૬ મિસાઈલ લોન્ચ કરવાની ધમકી આપી હતી.

તેની સામે પાકિસ્તાને એવી ડંફાસ મારી હતી કે ભારતની એક મિસાઈલનો જવાબ ૩ મિસાઈલથી આપશે.બીજી તરફ અમેરિકા જાણતુ હતુ કે પાકિસ્તાનની આવી કોઈ પણ હરકત બાદ ભારત પૂર્ણ કક્ષાનુ આક્રમણ કરવા માટે પણ ખચકાશે નહી.

જોકે એ સ્પષ્ટ નથી થયુ કે ભારતે અને પાકિસ્તાને કયા પ્રકારની મિસાઈલ લોન્ચ કરવાની ધમકી આપી હતી.જોકે તેના કારણે માત્ર અમેરિકા જ નહી પણ ચીન અને બ્રિટનની સરકારોમાં પણ હલચલ થઈ ગઈ હતી.

આંતરરાષ્ટ્રીય ન્યુઝ એજન્સીના કહેવા પ્રમાણે ૨૦૦૮ બાદ દક્ષિણ એશિયામાં આ સૌથી ગંભીર સૈન્ય સંકટ ઉભુ થયુ હતુ. એર સ્ટ્રાઈકના જવાબમાં પાક વિમાનોએ ભારતની સરહદમાં ઘુસણખોરી કરી હતી.જેના જવાબમાં ભારતીય વાયુસેનાએ એક એફ-૧૬ વિમાન તોડી પાડ્યુ હતુ. જ્યારે ભારતનુ એક મિગ વિમાન ક્રેશ થયુ હતુ અને પાયલોટ અભિનંદન પાકિસ્તાનના હાથે પકડાયા હતા. જોકે ભારતના રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર અજિત દોવાલે પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈને સ્પષ્ટ પણે કહ્યુ હતુ કે પાયલોટના પકડાયા પછી પણ આતંકવાદનો મુકાબલો કરવામાં ભારત પાછુ નહી હટે.

સત્ય અને સંકલ્પના આધારે અમે રાજકારણમાં પરિવર્તન લાવીશું : પ્રિયંકા ગાંધી

લખનઉ

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધી રવિવારે સવારે ઉત્તર પ્રદેશની ચાર દિવસની મુલાકાતે પહોંચી ગયા છે. પ્રિયંકા ગાંધી સોમવારે પ્રયાગરાજના છતનાગથી વારાણસી સુધી સ્ટીમરમાં મુસાફરી કરશે. ૧૪૦ કિમીની આ યાત્રા દરમિયાન તેઓ ઘણાં ગામડાઓમાં રોકાશે અને લોકો સાથે મુલાકાત કરશે.

લખનઉ પહોંચતા પહેલાં પ્રિયંકાએ એક પત્ર જાહેર કરીને તેમાં લખ્યું હતું કે, અહીંના રાજકારણમાં આજે યુવકો, મહિલાઓ, ખેડૂતો અને મજૂરો પરેશાન થઈ રહ્યા છે. તેઓ તેમની પીડા કોઈની સામે વ્યક્ત કરવા માગે છે. પરંતુ રાજકીય ગણીતના શોર-બકોરમાં યુવકો, મહિલાઓ, ખેડૂતો અને મજૂરોનો અવાજ રાજયની નીતિમાંથી સંપૂર્ણ રીતે ગાયબ થઈ ગયો છે.

વધુમાં તેમણે કહ્યું કે, હું આ ધરતી સાથે આધ્યાત્મિક રુપથી જોડાયેલી છું. હું માનુ છું કે, રાજયમાં કોઈ પણ રાજકીય પરિવર્તનની શરૂઆત તમારી વાત સાંભળ્યા વગર કે તમારી પીડા જાણ્યા વગર ન થઈ શકે. તેથી તમારી સાથે સીધો સંવાદ કરવા માટે જ તમારી પાસે આવી રહી છું. હું તમને વિશ્વાસ અપાવા માંગુ છું કે, તમારી વાતો સાંભળીને સત્ય અને સંકલ્પના આધારે અમે રાજકારણમાં પરિવર્તન લાવીશું. આપણે એક સાથે મળીને તમારા મુદ્દાઓ હલ કરીને આગળ વધીશું. ગંગા સત્ય અને સમાનતાનું પ્રતીક છે અને આપણી ગંગા-જમના સંસ્કૃતિનું પ્રતિક છે. તે કોઈની સાથે ભેદભાવ નથી કરતી. ગંગાજી ઉતત્ર પ્રદેશનો સહારો છે. હું ગંગાજીનો સહારો લઈને તમારા સુધી પહોંચીશ.

નોટિસનો યોગ્ય જવાબ નહિ મળે તો ગુનો દાખલ કરવાની ચિમકી

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ગેરરીતિ અંગે કુલપતિ સહિત ૬ સામે ફરિયાદ

બનાસકાંઠા

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ઘણાં સમયથી વિવાદોમાં ઘેરાયેલી છે. આ યુનિવર્સિટી સામે ઈન્દોરની બોટન ટેકનોમેક પ્રા.લી. વતી ચેનલ પાર્ટનરના એક વ્યક્તિએ પોતાના ટેન્ડરમાં થયેલા અન્યાય મામલે છેતરપિંડી કરેલા આક્ષેપો સાથે કુલપતિ સાથે ૬ વ્યક્તિ સામે નોટીસ ફટકારવામાં આવી છે. આ નોટિસમાં જવાબ યોગ્ય નહીં મળે તો ગુનો પણ દાખલ કરવાની ચિમકી આપી હતી.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી કેટલાક સમયથી આક્ષેપો થઇ રહ્યાં છે કે આ કેમ્પસમાં નીતિ નિયમો નેવે મુકી કુલપતિ સહિત નાયબ ઈજનેરો અને અન્ય મિલીભગતોથી ખરીદી હોય કે ભરતી હોય કે કેમ્પસમાં બિલ્ડીંગનું બાંધકામ હોય બધામાં ગેરરીતિઓ છે. આ મામલે કેટલાક યુનિવર્સિટી સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરોએ ગાંધીનગર સુધી અપીલો અને આ તમામ ભ્રષ્ટાચારની તપાસ કરવા માટે અપીલો પણ કરેલી છે. ફરિયાદ સામે આ લોકો જવાબ તો આપી રહ્યાં છે. પરંતુ તાજેતરમાં ઈન્દોરના બોન્ટન ટેકનોમેક પ્રા.લી. ફર્નીચરની કંપનીએ દાંતીવાડા યુનિવર્સિટીમાં ટેન્ડર પ્રક્રિયામાં તેમની સાથે છેતરપિંડી થયાનું બહાર આવ્યું છે. જે પછી આ કંપનીએ માહિતી અધિકારી લોકાયુક્તમાં ગેરરીતિ મામલે રજુઆત ગાંધીનગર અપીલ કરેલી. આ યુનિવર્સિટીના સત્તાધીશોએ જાતે કરીને અધુરી માહિતી આપી હોવાના આક્ષેપો સાથે પાલનપુરના એક વકીલ દ્વારા કુલપતિ, સંશોધન, નિયામક, હિસાબી નિયામક, કુલસચિવ, આચાર્ય, ડીન, સી.પી. કૃષિ મહાવિદ્યાલય તેમજ નાયબ ઈજનેર કાર્યપાલક ઈજનેર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના આ તમામ સામે ગેરરીતિ મામલે ફોજદારી ગુનાની ચિમકી આપતા ભ્રષ્ટાચારીઓમાં ખળભળાટ મચી ગયો હતો.

લોકસભા ચૂંટણીઃ કોંગ્રેસના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં ૧૦૦થી વધુ સભાઓ ગજવશે

ગાંધીનગર

લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે અને આગામી ૨૩ એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાશે. જેને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેને માટે ચાર ઉમેદવારોના નામ પણ જાહેર થઈ ચૂક્યા છે. ૨૨ સીટો પર પણ એકાદ દિવસમાં નામ જાહેર થઈ શકે છે.

આ વખતે ગુજરાતમાં વધુમાં વધુ સીટો જીતવા માટે કોંગ્રેસ તમામ પ્રયત્ન હાથ ધર્યા છે અને કોંગ્રેસે વિધાનસભા વખતે અલ્પેશ ઠાકોર અને લોકસભા વખતે પાટીદાર નેતા હાર્દિક પટેલને કોંગ્રેસ પક્ષમાં સમાવી પોતાની દાવેદારી મજબૂત કરી છે.

ગત લોકસભામાં કોંગ્રેસે ૨૬માંથી ૨૬ બેઠકો ગુમાવી હતી, ત્યારે આ વખતે એ પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે કોંગ્રેસ રણનીતિ બનાવી રહી છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ૧૦૦થી વધુ સભાઓ ગજવશે. કોંગ્રેસના સ્ટાર પ્રચારકોમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ગુજરાતમાં સભાઓ કરશે તદ્‌ઉપરાંત સોનિયા ગાંધી, કમલનાથ, કેપ્ટન અમરિંદરસિંહ, અશોક ગહેલોત, જ્યોતિરાદિત્ય સિંધિયા, સચિન પાયલટ, રાજ બબ્બર, નવજોતસિંહ સિદ્ધુ સહિતના નેતાઓ ગુજરાતમાં સભા સંબોધશે. ડોક્ટર મનમોહનસિંહ, આનંદ શર્મા, સામ પિત્રોડા પત્રકાર પરિષદો યોજશે.

અઢાર દિવસથી ગુમ કાર કેનાલમાંથી મળીઃ ચાર સભ્યોના મોત

બારડોલી

બારડોલીમાં વિચિત્ર ઘટના બની છે. સુરતના બારડોલીના મઢી નજીક કેનાલમાંથી કાર મળી આવી છે. જેમાંથી ચાર મૃતદેહો પણ મળ્યા છે. આ મૃતકો તાપીના કપુરાનો પરિવાર હોવાનું જણાનું સુત્રોએ જણાવ્યું હતું. આ પરિવાર ગત ૨૮ તારીખથી ગાયબ હોવાની પણ ફરિયાદ નોંધાઇ હતી.

મળતી માહિતી પ્રમાણે સુરતના બારડોલીની મઢી નજકી કેનાલમાં એક ઇકો કાર હોવાની માહિતી મળતા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

જેના પગલે ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચીને કારને બહાર કાઢી હતી. જોકે, આ ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળે ટોળા એકઠાં થયા હતા. ઇકો કારને હાઇડ્રા વડે બહાર કાઢતા કારમાંથી ચાર મૃતદેહો પણ મળી આવ્યા હતા. આ પરિવાર તાપી જિલ્લાના કપુરાનો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. એક સાથે પરિવારના ચાર સભ્યોના મોત થવાના પગલે પરિવારમાં શોકની લાગણી ફેલાઇ હતી.

અંકલેશ્વર તાલુકાનું પંચાયત ભવન કરોડોના ખર્ચે નવું બન્યું પરંતુ પ્રજા સેવાકીય અને સરકારી લાભ થી વંચિત

અંકલેશ્વર

ગુજરાત સરકાર તરફથી કરોડો નો ખર્ચ કરી અંકલેશ્વર તાલુકા પંચાયત ની અતિ આધુનિક બિલ્ડીગ નું નિર્માણ કરવામાં આવ્યું છે જે સમય ની જરૂરિયાત પણ હતી પરંતુ ઓછા કર્મચારીઓ અને હાજર કર્મચારીઓ માં આવડત ના અભાવ, અને સેવા વૃત્તિ ના અભાવ વિનાના કર્મચારીઓ ના લીધે પ્રજા સરકારી લાભો થી વંચિત છે. રોજ રોજ ખોટી રીતે ધક્કા ખાવા પડે છે જ્યાં સમય અને પૈસા વો વ્યય થયા પછી પણ જનહિત અને તેમની ફરજ મુજબ ના ના કામો થતા નથી.

અંકલેશ્વર તાલુકો એ ભરૂચ જીલ્લા નો મોટો અને વિકસિત તાલુકો છે વિશ્વ ની મોટી ઓદ્યોગિક વસાહત હોવાથી તાલુકા ની વસ્તી માં ઉત્તરો ઉત્તર વધારો થતો જાય છે. જેની સામે તાલુકા પંચાયત ના કર્મચારીઓ ની સંખ્યામાં વધારા ની જરૂરિયાત છે પરંતુ તેમાં ઘટાડો થયો છે. અને જે કોઈ કર્મચારીઓ ફરજ બજાવે છે તેઓ માં અણ-આવડત, પ્રજા સાથે સન્માનીય વર્તણુક નો અભાવ, સેવા વૃત્તિ નો અભાવ જોવામાં આવી રહયો છે. એવું લાગે છે કે જે કોઈ પણ જગ્યાએ ના ચાલે એવા કર્મચારીઓ ને અંકલેશ્વર તાલુકા પંચાયત માં જગ્યા આપી છે. અને સરકાર નો પગાર ચૂકવાય છે.

અન્ય મુખ્ય કારણ એ પણ છે કે છેલ્લા કેટલાક મહિનાઓ થી અહિયાં ફૂલ-ટાઇમ (પૂર્ણ-સમય) ના તાલુકા વિકાસ અધિકારી ની નિમણુક કરવામાં આવી નથી અને લાંબા સમય થી હંગામી TDO થી કામ ચલાવવા માં આવે છે અને વારંવાર તેઓ ની પણ બદલીઓ કરવામાં આવે છે જે કોઈ આવે છે તે ટૂંક સમય માટે હોવાથી કર્મચારીઓ પણ મન ફાવે તે રીતે કામગીરી કરે છે અને આવેલ હંગામી TDO આંખ આડા કાન કરતા હોય છે. હંગામી TDO ને આ કર્મચારીઓ સાહેબ ગણતા જ નથી અને સાથ આપતા નથી જેનો ભોગ પ્રજા બની રહી છે.

સરકાર સેવાકીય, લાભદાયી, પ્રજા હિત ની અનેક યોજનાઓ જાહેર કરે છે પરંતુ જેમને આ કામગીરી કરવાની છે એ કર્મચારીઓ આ કામો ને બોજ સમજે છે

તાલુકા ની ભોળી પ્રજા પોતાના નાના નાના કામો જેવાકે આવક ના કે જાતિ ના પ્રમાણ પત્રો લેવા માટે પણ આ કર્મચારીઓ ધક્કે ચડાવે છે રોજ રોજ નવા નવા બહાના કાઢી ખોટી હેરાનગતિ કરતા છે. સરકારી પરિપત્રો મુજબ ઓછા પુરાવા અને સમય મર્યદા માં લાભાર્થી ને મદદરૂપ થાય એવી કામગીરી કરવાનું જણાવ્યું હોવા છતાં ફક્ત પોતાની અણ-આવડત ના લીધે અરજી સ્વીકારતા જ અરજદાર ને ધમકાવવા નું ચાલુ કરી દે છે. કર્મચારીઓ સરકારી પરિપત્ર ને સમજવા માટે પણ લાયક નથી.

અન્ય વધારા ના ડોક્યુમેન્ટ પણ આપી દેવામાં આવે ત્યારે " આજે સાહેબ નથી , સાહેબ મીટીગ માં છે.કાલે આવજો " જેવા બહાના કાઢી દિવસો સુધી ધક્કા ખવડાવી અરજદાર નો કીમતી સમય અને પૈસા નો વ્યય કરાવે છે. હાલ ના જ એક કિસ્સા માં ઉમરવાડા ગામ ના એક વિદ્યાર્થી ને તેની મેડીકલ ની પરીક્ષા માટે તેની જાતિ બાબત ના દાખલા ની જરૂરત હતી તેણે પરિપત્ર મુજબ ના બધાજ ડોક્યુમેન્ટ શામેલ કર્યા હતા અને તેને વિનંતી કરી હતી કે મારે ઓન લાઈન ફોર્મ ભરવા માટે ચાર જ દિવસ બાકી છે માટે પ્રમાણપત્ર વહેલું મળે એવી કોશિશ કરજો. ફરજ પરના મહિલા કર્મચારી એ અરજી સ્વીકારી બીજા દિવસે લઈ જવાનું જણાવ્યું અને તે પછી આ અરજદાર રોજે રોજ તાલુકા કાર્યલય માં પ્રમાણપત્ર લેવા પોહ્ચતો હતો. તેના ફોર્મ ભરવાના અંતિમ દિવસે તેની અરજી પરત કરી જણાવ્યું કે તમારા પિતા ના પુરાવા આપો. અરજદાર પાસે હવે સમય ના હોવાથી અને પ્રમાણપત્ર ના મળવાને કારણે જનરલ કેટેગરી માં ફોર્મ ભરવાની ફરજ પડી હતી. આમ એક મેડીકલ જેવા ઉચ્ચ અભ્યાસ માટે તેને પ્રમાણ પત્ર ના મળતા તેની આખી કારકિર્દી બગાડનાર આ અધિકારીઓ સામે પગલા ભરવાની અને તાલીમ આપવાની જરૂરિયાત છે. પરિપત્ર મુજબ તાલુકા પંચાયતે લેખિત માં અરજી નકારવાનું કે ખૂટતા ડોક્યુમેન્ટ માંગવાનું જણાવવું જોઈએ તેની જગ્યાએ અરજદાર ને તેની અરજી પરત કરી ફરજ પ્રત્યે ની બેદરકારી છતી કરી છે. પરિપત્ર માં જોગવાઈ છે કે આવી અરજી નકારવામાં આવે તો ઉપલા અધિકારી ને ૩૦ દિવસ માં અપીલ કરી શકાય પરંતુ પ્રજા માં જાણકારી નો અભાવ છે માટે આવા કર્મચારી ઓ મનમાની કરે છે. પરંતુ ઉપરોક્ત કિસ્સા માં અરજદાર આગળ ની કાર્યવાહી કરવાનું વિચારી રહ્યા છે.

ધૂળેટીના પર્વને ધ્યાનમાં રાખી સુરતમાં વધુ ૪૦૦ બસો દોડાવામાં આવશે

સુરત

હોળી-ધૂળેટીના પર્વને લઈ સુરત એસ.ટી.ડેપો પર થતા મુસાફરોના ઘસારાને ધ્યાનમાં લઈ ૪૦૦ જેટલી વધારાની બસ દોડાવવાનું આયોજન સુરત એસ.ટી.નિયામક વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૨૭૭ જેટલી વધુ એસ.ટી.બસો મૂળ ઝાલોદ, ગોધરા અને દાહોદ ખાતે દોડાવવામાં આવી હતી. જયાં ચાલુ વર્ષે હોળી-ધૂળેટીના પર્વને ધ્યાનમાં લઈ આ નિર્ણય કરવામાં આવ્યો છે. સુરતમાં દોઢ લાખથી વધુ શ્રમિકો દાહોદ, ઝાલોદ અને ગોધરાથી સુરત આવી રોજગારી મેળવે છે. જો કે તહેવાર દરમિયાન આ શ્રમિકો પોતાના વતન જતા હોય છે. હોળી- ધૂળેટીના પર્વને ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સુરત એસ.ટી.ડેપો પર મુસાફરોનો ઘસારો રહેવાનો છે. મુસાફરોના ઘસારાને પહોંચી વળવા એસ.ટી.નિયામક વિભાગે ૪૦૦ જેટલી એક્સ્ટ્રા બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. સુરત એસ.ટી.વિભાગના કુલ છ ડિવિઝન પરથી પ્રતિ દિવસ ૩૨૦૦ ટીપો દોડાવવામાં આવે છે. જ્યાં સુરત એસ.ટી.ની પ્રતિ દિવસની આવક ૪૦ થી ૫૦ લાખ જેટલી છે. સુરત એસ.ટી.ડેપો પરથી પ્રતિ દિવસ ૫૨૭ જેટલી બસો દોડે છે. જ્યાં એસ.ટી.ડેપો પર મુસાફરોનો ઘસારો પણ રહે તેવી સંભાવના છે. આ વચ્ચે ઘસારાને પહોંચી વળવા સુરત એસ.ટી.વિભાગ દ્વારા કુલ ૪૦૦ બસો દોડાવવાનું આયોજન કરાયું છે. જેની શરૂઆત આજથી કરી દેવામાં આવી છે. હોળી-ધૂળેટી દરમિયાન એસ. ટી. વિભાગની આવકમાં પણ મોટો ફાયદો થવાનો છે.

અંકલેશ્વરમાં એનએચ હાઈ-વે પર રસ્તો ઓળંગતા શ્રમજીવીનું કારની ટક્કરે મોત

અંકલેશ્વર

અંકલેશ્વર નેશનલ હાઇવે ઉપર અંસાર માર્કેટ નજીક રસ્તો ઓળંગતા એક શ્રમજીવીને પુર ઝડપે આવતી એક ફોર વ્હીલે ટક્કર મારતા શ્રમજીવીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર અંકલેશ્વરના અંસાર માર્કેટ પાસે આવેલ નેશનલ હાઈવે પર સવારે ૮થી ૮.૩૦ કલક દરમિયાન મજૂરીકામે જતો એક યુવાન હાઈવે ક્રોસ કરતો હતો તે દરમિયાન ફુલ ઝડપથી આવી રહી ફોરવીલ ઁ-૧૬-છઁ-૫૧૪૮ એસેન્ટ ગાડીએ તેમને ટક્કર મારતા ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું. એકસીડન્ટ થતા જ આજુબાજુના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કારના ચાલકે જેઓ સુરત થી સ્ટેચ્યુ ઓફ યુનીટી જોવા જતા હતા તેણે ઘટનાની જાણ અંકલેશ્વર પોલીસને કરી હતી.

પોલીસે ઘટના સ્થળે પહોંચી યુવાન કયાંનો છે તે જાણવાની કોશિશ કરી હતી. ત્યારે યુવનના ગજવામાંથી તેમનું ચૂંટણી કાર્ડ મળી આવ્યું હતું .જેમા તેમનું નામ રાકેશભાઈ જાદવ જાણવા મળ્યું હતું. જેવો અંકલેશ્વર નોબલ માર્કેટમાં જ રહેતા હોય તેવું પણ જાણવા મળ્યું હતું. હાલ પોલીસ દ્વારા યુવાનના મૃતદેહને અંકલેશ્વર સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો છે. આ ઘટનામાં પોલીસે અકસ્માત સર્જનાર ગાડીને કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઋતિક રોશનનો ખુલાસો, કેવી રીતે દૂર કરી સ્ટેમરિંગની મુશ્કેલી



બોલીવુડના ગ્રીક ગોડ ઋતિક રોશનની એક્ટિંગના લાખો યુવાનો ફેન છે. ઋતિક રોશન જે રીતે સ્ક્રીન પર પંચલાઈન બોલે છે, તેના પણ યુવાનો દીવાના છે. ઋતિક રોશન ભલે સ્ટાર સંતાન હોય પરંતુ બોલીવુડમાં સફળતા મેળવવા માટે તેમણે પણ ખાસ્સી મહેનત કરી છે. તમામ લોકો જાણે છે કે આજે સ્ક્રીન પર વિલનને હંફાવતા ઋતિક રોશનને બોલવામાં તકલીફ પડતી હતી.

એક અખબારના અહેવાલ પ્રમાણે ઋતિક રોશને તાજેતરમાં જ ખુલાસો કર્યો છે કે તેમણે કેવી રીતે પોતાની સ્ટેમરિંગની સમસ્યા પર કાબુ મેળવ્યો. આ અખબારના અહેવાલ પ્રમાણે ધ ઈન્ડિયન સ્ટેમરિંગ એસોસિયેશન દ્વારા બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા માટે બેઠક કરાઈ હતી. લગભગ એક કલાક ચાલેલી આ મીટિંગમાં ઋતિક રોશને ખુલાસો કર્યો કે તેઓ અરીસા સામે ઉભા રહીને કલાકો સુધી બોલવાની પ્રેક્ટિસ કરતા હતા અને પોતાનો અવાજ રેકોર્ડ કરીને સુધારતા હતા. ઋતિક રોશને કહ્યું કે, 'આજે પણ હું સ્પીચ પર કાબુ મેળવવા પ્રેક્ટિસ કરું છું, હું રોજના કમ સે કમ એક કલાક તો બોલવાની પ્રેક્ટિસ કરું જ છું. સ્ટેમરિંગની સમસ્યા સામે હું ૨૦૧૨ સુધી ઝઝૂમતો રહ્યો છું. જ્યાં સુધી હું સ્ટાર બન્યો ત્યાં સુધી આ સમસ્યા હતી.' ઋતિકે એ વાત પણ સ્વીકારી કે સ્ટેમરિંગની સમસ્યાને કારણે તેમણે કેટલીક ફિલ્મો નથી પણ કરી. ઋતિકે સ્વીકાર્યું કે કેટલીક સ્ક્રીપ્ટમાં લાંબા લાંબા મોનોલોગ હતા અને તે પર્ફોમ કરવાનો મને વિશ્વાસ નહોતો પરિણામે મારે તે ફિલ્મોને ના કહેવી પડી. ઋતિકે કહ્યું કે, 'એક સમયે મેં મારી જાતને સ્લો સ્પીકર તરીકે સ્વીકારી લીધી હતી. કોઈ પણ વાક્ય બોલતા પહેલા મારે તે મનમાં બોલવું પડતું હતું. લાંબા સમય સુધી આ સ્થિતિ મારા માટે સંઘર્ષપૂર્ણ હતી, પણ હવે હું ઠીક છું.' ૨૦૧૨માં ન્યૂરો-લેન્ગ્વેસ્ટિક પ્રોગ્રામિંગ બાદ ઋતિક રોશનને આ મુશ્કેલીથી સંપૂર્ણ છૂટકારો મળ્યો છે. આ દરમિયાન TISA દ્વારા ઋતિક રોશનને બેજ અને હેન્ડ બેન્ડ પણ આપ્યા, સાથે જ ઋતિકે TISAની એક્ટિવિટને સમર્થન આપવાની વાત કરી છે.

ગોવાના પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત ભાજપમાં જોડાવાની અફવાથી રાજકારણ ગરમાયું

પણજી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગોવાના પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામતને રવિવારે એકાએક દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. કામત ભાજપમાં જોડાવાના અફવા પાછળ હાઈકમાન્ડે તાબડતોબ તેમને દિલ્હી બોલાવ્યા હતા. જો કે ગોવાના પૂર્વ સીએમ કામતે ભાજપમાં જોડાવાની અટકળો અંગે રદીયો આપ્યો હતો.

સૂત્રોના મતે કોંગ્રેસના દિગંબર કામત ભાજપમાં જોડાવાની અટકળો વહેતી થઈ હતી અને તેમને ભાજમાં મોટો હોદ્દો આપવાની વિચારણા ચર્ચાઈ રહ્યું હતું. તાજેતરમાં ગોવાના સીએમ અને ભાજપના નેતા મનોહર પાર્રિકરની તબીયત લથડી હોવાથી ગોવામાંથી ભાજપની સરકાર ડગમગી હોવાના ભણકારા વાગી રહ્યા છે.

૨૦૦૫ સુધી કામત ગોવા ભાજપમાં બીજા ક્રમના ટોચના નેતા હતા પરંતુ તેઓ પક્ષ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાયા હતા. કામત ૨૦૦૭થી ૨૦૧૨ સુધી ગોવાના મુખ્યમંત્રી પદે હતા. તેમણે ગોવા એરપોર્ટ ખાતે જણાવ્યું કે, 'મારી દિલ્હીની યાત્રા વ્યક્તિગત છે અને હું બિઝનેસ ટ્રિપ માટે જઈ રહ્યો છું.' ગોવાના પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ગીરિશ છોડંકરે કામત અંગે અફવા ફેલાવવા બદલ ભાજપ પર આક્ષેપ કર્યો હતો. 'ભાજપના લોકો આવી ગંદી રાજરમત રમી રહ્યા છે અને કામત તેમજ કોંગ્રેસને બદનામ કરી રહ્યા છે,' તેમ ગોવા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે જણાવ્યું હતું. બીજીતરફ ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિનય તેંડુલકરે કામત ભાજપમાં જોડાશે કે કેમ તે મામલે કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું.

૨૧ વર્ષના યુવાને નાબાલિક સાથે દુષ્કર્મ આચરતાં ખળભળાટ મચ્યો

સુરત

રાજયમાં દિવસેને દિવસે ક્રાઈમ વધી રહ્યું છે, તો બીજી બાજુ દેશમાં મહિલા પર દુષ્કર્મ થયાની ઘટના સામે આવતી રહે છે. જે ખરેખર ચિંતાનો વિષય છે. આ મુદ્દાને ગંભીરતાને જોતા કડક કાયદો બન્યો પરંતુ તે માત્ર કાગળ પર જ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. જાણે રાજયમાં હવસખારોને કાયદાનો ભય રહ્યો ન હોય તેમ એક પછી એક દુષ્કર્મના કેસો સામે આવી રહ્યા છે.

ત્યારે વધુ એક ઘટના સુરતાના વરાછાની સામે આવી છે. વરાછામાં રેહતા ૨૧ વર્ષના યુવાને નાબાલિક સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ વરાછાના ૨૧ વર્ષના યુવકે સગીરા પર દુષ્કર્મ કર્યાનો આરોપ છે. સાથે જ દુષ્કર્મ કર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જેને લઈને સરથાણા પોલીસ મથકમાં પોસ્કો અને દુષ્કર્મની ફરિયાદી નોંધી આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા પાંચ દિવસમાં સુરતમાં દુષ્કર્મની છઠ્ઠી ફરિયાદ ચોપડે નોંધવામાં આવી છે.

મનોહર પારિકર ખુબ જ બીમાર છે, બચવાની કોઈ સંભાવના નથીઃ ગોવાના ડે.સ્પીકર

પણજી

ગોવાા બીજેપીના ધારાસભ્ય અને ડેપ્યુટી સ્પીકર માઇકલ લોબોએ કહ્યું હતુંકે, મુખ્યમંત્રી મનોહર પારિકરના સાજા થવાની પ્રાર્થના કરે છે. પરંતુ તેમની બચવાની સંભાવના નથી. તેમણે કહ્યું કે, ગોવામાં નેતૃત્વ નહીં બદલે. જ્યાં સુધી પારિકર છે તેઓ ગોવાના મુખ્યમંત્રી રહેશે. કોઈએ તેમની જગ્યા લેવાની માંગ કરી નથી. અમે પ્રાર્થના કરીશું કે તેઓ વહેલી તકે ઠીક થઈ જાય. પરંતુ એની કોઈજ સંભાવના નથી. જો તેમને કંઈ થાય છે તો આગામી મુખ્યમંત્રી બીજેપીથી જ હશે.

લોબોએ વધુમાં જણાવ્યું હતું કે, ગત રાત્રે પારિકરની તબીયત વધારે ખરાબ થઈ ગઈ હતી. જેના કારણે ઇમર્જન્સી બેઠક બોલાવી હતી. તેઓ ડોક્ટરોની દેખરેખ હેઠળ છે. તેમનું કહેવું છે કે, તેઓ સાજા થઈ જશે. ત્રણ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણી થશે. આ સીટો ઉપર ઉમેદવારો જાહેર કરવાને લઈને આ બેઠક હતી.

આ પહેલા પારિકરના સ્વાસ્થ્યને લઈને સીએમ કાર્યાલયે ટ્વીટ કર્યું હતું કે, મીડિયાના કેટલાક રિપોર્ટના સંબંધમાં એ સ્પષ્ટ કરવામાં આવે છે કે મુખ્યમંત્રી મનોહર પારિકરની હાલત સ્થિર છે. કેટલાક દિવસો પહેલા માઇકલ લોબોએ કહ્યું કે પારિકર ખુબ જ બીમાર હતા. હવે તેઓ ભગવાન ભરોસે જીવિત છે.

આ પહેલા વિપક્ષે કહ્યું હતું કે, પારિકરને તેમની બીમારીના કારણે તેમને ફરજમાંથી મુક્ત કરવા જોઇએ. ગોવાના વીજ મંત્રી નિલેશ કેબરલે ગુરુવારે એક સમ્મેલનમાં કહ્યું હતું કે, પારિકર આગામી ચૂંટણીમાં ભાજપના અભિયાનનું માર્ગદર્શક બનશે.

કેવડિયા ટેન્ટસિટી નર્મદા ખાતે વિશ્વ પાટીદાર સમાજની બે દિવસીય ઐતિહાસિક ચિંતન શિબિરનું આયોજન



પાટીદાર સમાજના યુવાનોને રાજતંત્ર, વહીવટીતંત્ર, ન્યાયતંત્ર,મીડિયાતંત્ર, ઉદ્યોગતંત્રમાં સ્થાપિત કરવા સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા અને લેખિત સૂચનો પણ લે વા યા

રાજપીપળા : દેશમાં ૨૦૧૯ વિધાન સભાની ચૂંટણી જાહેર થઇ ગઈ છે અને સામાજિક રાજકારણ હાલ જોર પકડ્યું છે ત્યારે એક તરફ અનામતની માંગણીઓને લઈને આંદોલન થઈ રહ્યા છે જેમાં રાજકીય હિલચાલથી અળગા રહીને વિશ્વમાં રહેતા પાટીદારોના સમૂહને એક કરી મિશન ૨૦૨૬ સુધીમાં શસક્ત સમાજ બનાવવા કેવડિયા ટેન્ટસિટી નર્મદા ખાતે વિશ્વ પાટીદાર સમાજની બે દિવસીય ઐતિહાસિક ચિંતન શિબિરનું મોટા પાટે આયોજન કરવામાં આવ્યું જેમાં ૨૦૦થી વધુ પાટીદાર આગેવાનો હાજર રહ્યા હતા.

આ ચિંતન શિબિરમા પાટીદાર સમાજના પ્રમુખ સરદારધામનાં ગગજી સુતરિયા, મંત્રી જશવંતભાઈ પટેલ અને ઝઈ એચ.એસ.પટેલ (પૂર્વ આઈએએસ) સહિત પાટીદાર ઉદ્યોગપતિઓ અને આગેવાનો હાજર રહ્યા હતા.આ બેઠકમાં મહત્વના સંકલ્પો હેઠળ ચિંતન શિબિર એક સંકલ્પ સમૃદ્ધિ કી ઓર,એક સંકલ્પ સુરક્ષા કી ઓર,એક સંકલ્પ એકતા કી ઓર,એક સંકલ્પ માતૃશક્તિ કી ઓર,એક સંકલ્પ ઉજ્જવળ ભવિષ્ય કી ઓર સાથે સમાજના આશાસ્પદ યુવાનોને રાજતંત્ર, વહીવટીતંત્ર, ન્યાયતંત્ર મીડિયાતંત્ર, ઉદ્યોગતંત્રમાં સ્થાપિત કરવા સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા અને લેખિત સૂચનો પણ લેવાયા હતા. આ બાબતે પ્રમુખ સરદારધામનાં ગગજી સુતરિયા એ જણાવ્યું હતું કે આજની ચિંતન શિબિરમાં યુવા વર્ગ કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યા છે અને જેમાં અમે ઝીરો છે બાકી અમારા યુવાનોને હીરો બનાવી તમામ ક્ષેત્રોમાં સફળતા માટે મદદ કરી આગામી મિશન ૨૦૨૬ માં પાટીદાર સમાજને એક સારી સ્થિતિ અને ઉન્નત વર્ગ પર લઈ જઈશુ.

વિપુલ નારીગરા એ વીપીએલની ટિમ સુરત વોરિયર્સ છોડી



કાલે રાત્રે ૧ વાગ્યે વિપુલ નારીગરા એ ટ્વીટ કરતા કહ્યું કે હું સુરત વોરિયર્સ ટિમ સાથે ૨૦૧૬ થી જોડાયેલો હતો ટિમ ઓફિશિયલ, અને ૨ સીઝન માં મારી સાથે રમેલા તમામ સુરત વોરિયર્સના ક્રિકેટરોનો ખુબ ખુબ આભાર.. આમ લખતા જ વિપુલ નારીગરા એ આજે પોસ્ટને ઈન્સ્ટાગ્રામ માં પણ પોસ્ટ કરી..

વેલીયન્ટ પ્રીમિયર લીગ ગુજરાતની બહુ ચર્ચિત ટુર્નામેન્ટ છે જેમાં ઈન્ટરનેશનલ ખેલાડીઓ પણ રમે છે.બૉલીવુડ થી લઈને ક્રિકેટ જગતના મોટા નામ વીપીએલ સાથે જોડાયેલા છે.. એમાં નું જ એક મોટું નામ એટલે વિપુલ નારીગરા, સીઝન ૪ થોડા જ દિવસમાં લોન્ચ થનાર છે ત્યારે અચાનક જ વિપુલ નારીગરા એ સુરત વોરિયર્સ છોડી દીધી છે..

વિપુલ ૨ સીઝન થી સુરત વોરિયર્સના કેપ્ટન હતા,બંને સીઝન માં ટિમ કાઈ ખાસ પરફોર્મન્સ આપી ન હતી શકી સીઝન ૨આ સેમી ફાઇનલ સુધી ટિમ પોહચી હતી... જયારે સીઝન ૩ માં ગ્વાલિયર માં કેપ્ટનશિપ છોડી હતી પણ તરત જ તેને કન્ટીન્યુ કર્યો હતો પણ સીઝન ૪ પેહલા અચાનક જ છોડવાનું કારણ એ પણ હોય શકે છે કે હવે તે ટિમ બદલવા પણ માંગતો હોય... ક્રિકેટ માં સારું એવું નામ ધરાવતા વિપુલ ના નામ પર કલબ ક્રિકેટ માં ૧૦મી વિકેટ ની ભાગીદારી નો વર્લ્ડ રેકોર્ડ પણ છે વર્ષ ૨૦૧૭ માં નેપાળ માં પોખરા સામે ૧૬ બોલમાં ૪૦ રન ની જબરજસ્ત ઇનિંગ રમી ૧૦ મી વિકેટ માટે વર્લ્ડ રેકોર્ડ પાર્ટનેરશીપ નોંધાવી હતી.

ભદામ ટાઇગર ગ્રુપના કાર્યકર્તાઓ એ વૃદ્ધ મહિલાના ઘરનું વીજળીનું બિલ ભરી અજવાળું પાથર્યું



વૃદ્ધ મહિલા પોતાના ઘરનું લાઈટ બિલ ન ભરી શકતા ટાઈગર ગ્રુપ ના સભ્યોએ મદદ કરી માનવતા બતાવી

રાજપીપળા : નાંદોદ તાલુકાના ભદામ ગામમા રહેતા વૃદ્ધ મહિલા જુમલીબેન ધનાભાઈ વસાવા પોતાના ઘરનું વીજળીનું બિલ ભરી શકે તેવી પરિસ્થિતિ ન હોવાથી તેની જાણ ભદામ ટાઈગર ગ્રુપના કાર્યકર્તાઓને થતા ગ્રુપના બીજા યુવકોને વાત આ બાબતે જાણ કરી પૈસા એકત્રિત કર્યા અને આ મહિલાના ઘરનું વીજળીનું બિલ ભરીને તેના ઘરમાં અજવાળું કરી માનવતાની કામગીરી કરી હતી

આ બાબતે ટાઇગર ગ્રુપ નર્મદાના અધ્યક્ષ પ્રેમભાઈ વસાવાનું જણાવ્યું કે જેને મદદની જરૂર હશે ત્યાં ટાઇગર ગ્રુપ નર્મદા હંમેશા ઉભું હશે તેમજ ટાઇગર ગ્રુપમા જોડાવો અને એક પરિવાર બની લોકઉપયોગી કામ કરવા સહયોગ આપવા પણ અપીલ કરી છે.

નર્મદા જિલ્લાનાં ૨૧૮૫ જેટલા દિવ્યાંગ મતદારોને મતદાન માટે જિલ્લા ચૂંટણીતંત્ર વિશેષ સુવિધા પુરી પાડશે

રાજપીપળા :નર્મદા જિલ્લામાં દિવ્યાંગોને મતદાન માટે મુશ્કેલી ન પડે અને તેમને પુરતી સુવિધા મળી રહે તે માટે નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તા.૧૩ મી માર્ચ, ૨૦૧૯ ની સ્થિતિએ નોંધાયેલા ૨૧૮૫ જેટલાં દિવ્યાંગ મતદારોનાં મતદાન માટે વિશેષ સુવિધાઓ પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તદનુસાર, નર્મદા જિલ્લામાં છોટાઉદેપુર અને ભરૂચ સંસદીય મતવિસ્તારના મતદાર વિભાગોમાં તા.૨૩ મી એપ્રિલ, ૨૦૧૯ નાં રોજ યોજાનારા મતદાનના દિવસે જિલ્લામાં ૪૭૧ જેટલાં પ્રજ્ઞાચક્ષુ મતદાતાઓને તેમના મતદાન માટે માંગણી મુજબનાં ૪૦ ને સહાયકની, મુકબધિર ૨૦૩ જેટલાં મતદાતાઓને માંગણી મુજબ ૯ જેટલાં સહાયકની, આપમેળે હલન ચલન કરવામાં પડતી મુશ્કેલીઓવાળા દિવ્યાંગ-૧૦૨૦ જેટલા મતદાતાઓ પૈકી માંગણી મુજબ ૧૭ વ્હીલચેર અને ૭ સહાયકની, જ્યારે ૭૮૩ જેટલાં અન્ય દિવ્યાંગ મતદારો પૈકી બે મતદાતાઓને માંગણી મુજબ સહાયકની સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આમ, જિલ્લામાં કુલ-૨૧૮૫ જેટલાં દિવ્યાંગ મતદારોને ૧૭ જેટલી વ્હીલચેર અને ૫૮ જેટલા સહાયકની સુવિધા પુરી પાડી આ દિવ્યાંગ મતદારોને તેમના મતદાન માટે જિલ્લા ચૂંટણીતંત્ર સહાયરૂપ બનશે.

નર્મદા પ્રાથિક શિક્ષક સંઘની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગરુડેશ્વરની ટીમ વિજેતા

રાજપીપળા : નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ડે ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૯ છોટુભાઈ પુરાણી કોલેજ ખાતે યોજાઈ હતી જેનું સમગ્ર આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું ફાઇનલ મેચ તિલકવાડા તાલુકા સંઘ અને ગરુડેશ્વર તાલુકા સંઘ વચ્ચે યોજાઈ જેમાં ગરુડેશ્વરની ટીમ વિજેતા બનતા ચેમ્પિયન ટ્રોફી અને ટ્રેકસૂટ આપવામાં આવ્યા જયારે રનર્સઅપ ટીમને પણ ટ્રોફી અને ટીશર્ટ આપવામાં આવી હતી.



શૈક્ષણિક સત્ર હવે પૂર્ણતાને આરે છે.અને વાર્ષિક પરીક્ષા શરૂ થશે ત્યારે શિક્ષકો દ્વારા એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ મેચ ડેડીયાપાડા અને સાગબારા વચ્ચે રમાઈ જેમાં સાગબારાની ટીમ વિજેતા થઇ, બીજી મેચ નર્મદા જિલ્લા સંઘ અને તિલકવાડા વચ્ચે રમાઈ જેમાં તિલકવાડાની ટીમ જીતી, ત્રીજી મેચ ગરુડેશ્વર અને ડેડીયાપાડા વચ્ચે રમાઈ જેમાં ગરુડેશ્વરની ટીમ જીત્યા બાદ ફાઇનલ મેચ તિલકવાડા ગરુડેશ્વર વચ્ચે થતા ગરુડેશ્વરની ટિમ ચેમ્પિયન બનતા જિલ્લા પ્રાથમિક સંઘના પ્રમુખ હરેન્દ્રસિંહ રાઉલજીએ અને તેમની ટીમના હસ્તે વિજેતાને ટ્રોફી આપવામાં આવી હતી.

સાગબારાના સેલંબા ખાતે આકરી ગરમીમાં પંખો ચાલુ કરવા જનાર વ્યક્તિને કરંટ લાગતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લામાં હાલ પડી રહેલી આકરી ગરમીમાં લોકો એસી કુલર કે પંખા ની હવા થી ઠંડક મેળવી રહ્યા છે ત્યારે શનિવારે સાગબારા ના સેલંબાના તડવી ફળિયા માં રહેતા મધુભાઇ રાઘુભાઈ ભોઈ (૫૦)પોતાના ઘરમા પંખો ચાલુ કરવા માટે લાઇટ સ્વીચ બોર્ડમા પંખાની સ્વીચ ચાલુ કરવા માટે જતા સ્વીચ બોર્ડમા લાઇટના વાયર છુટા હોય હાથની હથેળીમા અડી જતા કરંટ લાગતા બુમાબુબ કરી ત્યાર બાદ ઘરના અન્ય સભ્યો દોડી આવ્યા હતા પરંતુ કરંટ લાગવાના કારણે મધુભાઈનું પ્રાણપંખેરું ઉડી ચૂક્યું હતું આ બાબતે તેમના પુત્ર સતીશ એ સાગબારા પોલીસને જાણ કરતા પોલીસે અ.મોત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી .

પત્ની સાથે આડા સંબંધના વહેમમાં ભત્રીજા ઉપર જીવલેણ હુમલો કરાયો..!!

સુરત

સુરત જિલ્લાના કામરેજના શેખપુરથી સાયલ જતા રોડ ઉપર પોતાની પત્ની સાથેના આડા સંબંધના વહેમમાં કૌટુંબિક કાકાએ ભત્રીજા ઉપર લોખંડના પાઇપથી હુમલો કરતા કામરેજ પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાઇ છે. મળતી માહિતી પ્રમાણે પાવર હાઉસની સામે પેટેનિયમ હાઇટ્સ મકાન નં.૧૦૦૪માં રહેતા હિતેશ ગીલાભાઈ ગાંગાણી (ઉ.વ.૩૩) કન્સ્ટ્રક્શનના ધધા સાથે સંકળાયેલા હોવાથી શુક્રવારે કાર લઇ ઘરેથી નીકળી શેખપુર ગામે શિવદર્શન સોસાયટી ખાતે બાંધકામ સાઇટ ઉપર જઇ રહ્યા હતા.

દરમિયાનમાં શેખપુરથી સાયણ જતા રોડ ઉપર એક અજાણ્યા ઇસમે હિતેશભાઈની કારની સામે બાઇક ઊભી રાખી રોડ ઉપર સૂઇ જતા હિતેશભાઈએ કાર ઊભી રાખી હતી. શંકા જતા હિતેશભાઈ ફોન કરીને પોતાના ભાઇના સાળા નટુભાઈને બોલાવે તે પૂર્વે અજાણ્યા ઇસમે લોખંડનો હથોડો લઇ ગાડીનો કાચ ઉતારવાનો ઇશારો કરી નીચે ઉતરવાનું કહ્યા બાદ હિતેશભાઈને ગાડીમાંથી ખેંચી માથાના ભાગે હથોડો માર્યો હતો. બાદમાં હિતેશભાઈ ઉપર અન્ય બીજા બે અજાણ્યા ઇસમોએ પાઇપથી ઘા કરી ધમકી આપી હતી. આ શખ્સોનો અવાજ પોતાના કૌટુંબિક કાકા લાલજીભાઈ મનજીભાઈ ગાંગાણીનો હોવાનું હિતેશભાઈએ જણાવ્યું હતું. જોકે, આ ઝપાઝપીમાં હિતેશભાઈના સાળા નટુભાઈ આવી પહોંચતા ચાર હુમલાખોર પૈકી એક ઇસમે નટુભાઈને ધમકાવતા તેઓ યુટર્ન મારી જીવ બચાવી નાસી ગયા હતા.

જ્યારે હિતેશભાઈ જેમ તેમ કરી શેખપુર ગામે સરપંચ પિંકેસભાઇના ઘરે પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં હિતેશભાઈને કામરેજ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત ખસેડવામાં આવ્યા હતા.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847